નમસ્કારના પ્રથમ પાંચ પદોથી આ પાંચ પરમેષ્ઠિઓને નમસ્કાર થાય છે, તેથી જ તેને પરમેષ્ઠિ નમસ્કાર, પરમેષ્ઠિ મંત્ર, પંચપરમેષ્ઠિ નમસ્કાર કે પંચપરમેષ્ઠિ મંત્ર કહેવામાં આવે છે.

પંચનમસ્કાર એટલે પાંચને કરાયેલો નમસ્કાર. તેનો બીજો અર્થ પંચાંગ નમસ્કાર પણ થાય છે. પંચાંગ નમસ્કાર એટલે બે હાથ, બે ઢીંચણ અને મસ્તક મલી પાંચ અંગોને ભેગાં કરીને કરવામાં આવતો નમસ્કાર.

નમસ્કારની ચૂલિકાનો વિચાર

પંચ નમસ્કાર કેવો છે ? તે માટે પછીનાં ચાર પદોમાં એટલે કે ચૂલિકામાં બતાવવામાં આવ્યું છે કે—આ પાંચને કરેલો નમસ્કાર સર્વ પાપનો પ્રણાશક છે. પ્રણાશક એટલે અત્યંત નાશ કરનાર–જડમૂળથી પાપને ઉખેડી નાખનાર. સામાન્ય ઉપર ઉપરથી નાશ થયો હોય તો વસ્તુ ફરી ઉત્પન્ન થાય, પણ જેનો અત્યંત નાશ કે મૂળથી નાશ થયો હોય તે ફરી કદી પણ થાય નહિ.

મનુષ્યને જે દુઃખ, કષ્ટ અને આપત્તિનો અનુભવ થાય છે, તે અશુભ કર્મના ઉદયને લીધે થાય છે, પરંતુ

[illegible]

એમના બતાવેલા માર્ગે પ્રયાણ કરીને અનેક આત્માઓ પોતાનું શાશ્વત સુખ પ્રાપ્ત કરે છે અને અજરામર બને છે. ભવિષ્યમાં પણ આ મોક્ષમાર્ગનો પ્રવાહ ચાલુ રહે તે માટે શ્રીઅરિહંત પરમાત્માઓ તીર્થની સ્થાપના કરે છે અને એ તીર્થના આલંબનથી અનેક ભવ્યાત્માઓ મોક્ષપદને પ્રાપ્ત કરે છે. દુઃખાગમાં ત્રણે કાલમાં મોક્ષનો માર્ગ ચાલુ રહે છે. તેમાં મુખ્ય ફાળો શ્રીઅરિહંત પરમાત્માઓનો હોય છે અને એથી એમનો ઉપકાર અજોડ અને મહાન બની જાય છે. એવા ઉપકારી અરિહંતોને નમસ્કાર કરવાથી કૃતજ્ઞતા નામનો ગુણ પ્રગટ થાય છે.

શ્રી સિદ્ધોનું અવિનાશિપણું.

(૨) સિદ્ધ પરમાત્માઓનો મુખ્ય ગુણ અવિનાશિપણું છે, શ્રીસિદ્ધ પરમાત્માનો આ અવિનાશિપણાનો ગુણ સમગ્ર મુમુક્ષુ આત્માઓનું લક્ષ્યબિન્દુ છે. શ્રીઅરિહંત પરમાત્માઓ પણ દીક્ષા અંગીકાર કરતી વખતે સિદ્ધપદને નમસ્કાર કરે છે અને જગતને સિદ્ધપદને માર્ગે દોરે છે. માટે જ અનુપમ ઉપકારી તરીકે તેમની ગણત્રી થાય છે. જગતના

તમામ પદાર્થો ઉપર કાળની અસર છે. આ એક જ પદ એવું છે, કે જેના ઉપર કાળની પણ અસર નથી. આ પદ પ્રાપ્ત કર્યા પછી જીવ પોતાના સ્વરૂપને કદી પણ છોડતો નથી. માટે જ સિદ્ધપદ અવિનાશી કહેવાય છે. સિદ્ધ પરમાત્માઓના અવિનાશિ સ્વરૂપનો વિચાર જીવને સિદ્ધ બનવાની અચિંત્ય પ્રેરણા આપે છે, હિંમત આપે છે, દિલાસો આપે છે અને જીવનમાં છૂપાએલા વીર્યોલ્લાસમાં અપૂર્વ વૃદ્ધિ કરાવે છે. શ્રીસિદ્ધ પરમાત્માઓને ભાવપૂર્વક નમસ્કાર કરવાથી આપણા આત્મામાં સત્તાગત રહેલું સિદ્ધપણું ક્રમશઃ પ્રગટ થાય છે.

શ્રી આચાર્યોનો સદાચાર.

(૩) નમસ્કારમાં ત્રીજું પદ આચાર્યવર્યોનું છે મુમુક્ષુઓ માટે મોક્ષ એ સાધ્ય છે અને સદાચરણ એ સાધન છે કારણ વિના કાર્યની પ્રાપ્તિ થાય નહિ જેને મોક્ષની ઇચ્છા હોય તેણે મોક્ષના અનન્ય સાધનભૂત સદાચારને પણ જીવનમાં અપનાવવો જ રહ્યો. આ ત્રીજા પદમાં રહેલા આત્માઓ પોતે સદાચારનું પાલન કરે છે અને જગતને પણ એ માર્ગે ચાલવાની સતત પ્રેરણા પોતાના જીવનથી અને ઉપદેશથી આપે છે. પંચાચારના પાલનમાં જગતના તમામ સુંદર આચારોનો સમાવેશ થઈ જાય છે. આ સદાચારનું પાલન અથવા તેના ઉપરનો પ્રેમ જીવમાં મોક્ષપ્રાપ્તિની યોગ્યતા પ્રાપ્ત કરાવે છે. તે સિવાય સદ્ગતિમાં ગમન કરવા માટે જીવ પાંગળો બની જાય છે. ત્રીજા પદને નમસ્કાર એટલે સદાચારની પૂજા, અથવા સદાચાર ઉપરના પ્રેમની

અભિવ્યક્તિ. સાચા ભાવથી સદાચાર કે સદાચારીને કરેલો નમસ્કાર કોઈ કાળે નિષ્ફળ જતો નથી.

શ્રી ઉપાધ્યાયોનો વિનય.

(૪) નમસ્કારમાં ચોથું પદ ઉપાધ્યાય ભગવંતોનું છે. એમનો મુખ્ય ગુણ વિનય છે. આ વિનય ગુણ મોક્ષમાર્ગમાં ઘણો ઉપયોગી છે. એના વિના મોક્ષમાર્ગમાં એક ડગલું પણ આગળ વધી શકાતું નથી. ખરી રીતે વિનયથી જ મોક્ષ-માર્ગની શરૂઆત થાય છે. નમસ્કાર પણ એક પ્રકારનો વિનય જ છે. વિનય વિના ઉત્તમ પ્રકારની વિદ્યા–એટલે મોક્ષ મેળવવાની વિદ્યા પ્રાપ્ત થતી નથી અને એ વિદ્યા–વિજ્ઞાન વિના મોક્ષની પ્રાપ્તિ કદી પણ થતી નથી. નાના મોટા સર્વ ગુણોનું મૂળ વિનય છે. આ ચોથા પદમાં રહેલા આત્માઓ વિનયગુણનું પાલન કરે છે અને બીજાને પણ વિનયગુણનું શિક્ષણ આપે છે. આ પદને નમસ્કાર એટલે વિનયગુણને નમસ્કાર. આત્મિક ગુણોની પ્રાપ્તિમાં એવો નિયમ છે, કે જે ગુણને આત્મા હાર્દિક રીતે ઇચ્છે છે અને તેને પ્રાપ્ત કરવા ખરા અંતઃકરણથી પ્રયાસ કરે છે, તે ગુણ તેનામાં પ્રગટ થયા વિના રહેતો નથી. ગુણો બહારથી આવતા નથી, અંદરથી જ પ્રગટે છે. તે માટે હૃદયની સચ્ચાઈ પૂર્વકની તીવ્ર તાલાવેલી જોઈએ. આ પદને નમસ્કાર કરવાથી વિનયગુણની પ્રાપ્તિ થાય છે આ વિનયગુણ એટલે બાહ્ય–અભ્યંતર સર્વ પ્રકારની ઋદ્ધિસિદ્ધિઓનું ઉત્પત્તિસ્થાન. વિનયગુણની પ્રાપ્તિ માટે ગુણી આત્માઓને ભાવપૂર્વક નમસ્કાર કરવો જોઇએ. ભાવનમસ્કાર એટલે તે ગુણને પ્રાપ્ત કરવાની તીવ્ર તાલાવેલી પૂર્વકની મન, વચન, કાયાની શુભ પ્રવૃત્તિ.

શ્રી સાધુઓનું સહાયપણું.

(૫) શ્રીનમસ્કારમાં પાંચમું પદ સર્વ સાધુઓનું છે. પ્રાપ્ત થએલી શક્તિ અને સામગ્રીનો જો સદુપયોગ કરવામાં ન આવે, તો તે શક્તિ દિન-પ્રતિદિન હીન-ક્ષીણ બનતી જાય છે અને તેનો યોગ્ય સદુપયોગ કરવામાં આવે તો તે શક્તિ અને સામગ્રી ઉત્તરોત્તર વધુ ને વધુ તીવ્ર-તેજસ્વી બનતી જાય છે. કોઈને પણ સહાય કરવાની જેનામાં વૃત્તિ નથી, એનામાં સાધુતા કદી પણ ઝલકી શકતી નથી. એટલું જ નહિ, પણ પ્રાપ્ત થયેલ શક્તિનો સદુપયોગ ન કરવાથી જીવ એવા પ્રકારનું આવરણ ઉપાર્જન કરે છે, કે તેના યોગે તેને ભવિષ્યમાં અધિક પ્રકાશ મળતો અટકી જાય છે અને પ્રાપ્ત થએલી શક્તિઓ પુનઃ મેળવવાની ભૂમિકા પણ નષ્ટ થાય છે. આ રીતે પ્રાપ્ત શક્તિનો સદુપયોગ ન કરવો તે પરિણામે પોતાના જ અહિતમાં પરિણમે છે. સાધુપદને પ્રાપ્ત થયેલો વિવેકી આત્મા પ્રકૃતિના આ સનાતન નિયમને સારી રીતે જાણતો હોવાથી પોતાને પ્રાપ્ત થયેલ તમામ શક્તિઓને સ્વપરનું અહિત ન થાય, કિન્તુ હિત થાય તે રીતે સતત સત્કાર્યોમાં જોડી દે છે. પરના હિતકાર્યમાં એને કદી પણ થાક લાગતો નથી, કારણ કે પારકાના હિતમાં જ તેને પોતાનું હિત બરાબર સમજાઈ ગયું હોય છે.

અનાદિથી આ જીવ અશુદ્ધ વૃત્તિઓથી ખરડાયેલો છે, તેથી સ્વાર્થવૃત્તિ તેનામાં સહજ છે. એ સ્વાર્થવૃત્તિ જ જીવનમાં રહેલી પશુતાનો અંશ છે. એના યોગે જ જગતમાં અનેક પ્રકારની અથડામણો અને સંઘર્ષો ઊભા થાય છે, જ્યારે

બીજાને સહાય કરવાની વૃત્તિ એ દિવ્યતાનું ઝરણું છે ભાવ ઐશ્વર્યની સુવાસ છે. આ સહાયવૃત્તિ સહજ નથી, કેળવવાની ચીજ છે. ઘણા કાલ સુધી આદર અને સત્કાર પૂર્વકના સતત અભ્યાસ વિના તે સ્થિર થતી નથી. જીવનમાં આ સહાયવૃત્તિને –બીજાને સહાયક થવાની વૃત્તિને જગાડવાનો અમોઘ ઉપાય સાધુપદને ભાવથી નમસ્કાર કરવો તે છે. આ સહાયવૃત્તિ જગાડવાથી સ્વાર્થ વૃત્તિનો વિલોપ થાય છે.

કાર્ય–કારણની સનાતન વ્યવસ્થા

તાત્પર્ય એ છે કે–સેવા ગુણ (સહાય–વૃત્તિ)ના વિકાસ વિના સાચો વિનય ગુણ પ્રગટી શકતો નથી. વિનય ગુણનું સ્વરૂપ જ એવું છે કે–તેમાં બાહ્ય સેવા અને હૃદયનો પ્રેમ, આ બન્ને વસ્તુ જોઇએ. ત્યારે જ તે વિનય સાચા ગુણરૂપ બની શકે. વિનયગુણના વિકાસ વિના સદાચારની વિદ્યા–મોક્ષ માર્ગ–નું સાચું જ્ઞાન પ્રાપ્ત થઈ શકતું નથી અને સદાચારની વિદ્યા–મોક્ષ માર્ગના સાચા જ્ઞાન વિના સદાચારનું પૂર્ણ પાલન થઈ શકતું નથી. સદાચારના પૂર્ણ પાલન સિવાય સિદ્ધપદની પ્રાપ્તિ થઈ શકતી નથી. સિદ્ધપદની પ્રાપ્તિની અભિલાષા અરિહંત પદની આરાધના વિના શક્ય નથી, આ રીતે એક અપેક્ષાએ પાંચે પદો કાર્ય–કારણરૂપ હોવાથી સમાન આદરણીય બને છે. કાર્યસિદ્ધિની ઇચ્છાવાળો સાચા કારણોની કદી પણ ઉપેક્ષા કરે નહિ. એટલું જ નહિ, પણ વાસ્તવિક કારણોના સેવનમાં જ પોતાનું તમામ પરાક્રમ ફોરવે. વાસ્તવિક કારણોમાં મંડ્યા રહેવું એ જ કાર્યસિદ્ધિનો અમોઘ મંત્ર છે. હંમેશાં સેવન કારણોનાં કરવાનું હોય છે. કાર્ય તો એના કાળે આવીને ઊભું રહે છે.

એક ગામથી બીજે ગામ જવું હોય, ત્યાં વચ્ચે ચાલવાની ક્રિયા ગામપ્રાપ્તિમાં કારણ છે. પ્રયાણનું કામ ચાલુ હોય તો ગામ પોતાની મેળે આવીને ઊભું રહે છે, તેવી જ રીતે નિશ્ચયને લક્ષ્યમાં રાખીને વાસ્તવિક કારણોના આસેવનમાં મંડ્યા રહેવાથી એના ફળરૂપે જે કાર્ય થવાનું છે, તે તેના કાળે આવીને ઊભું રહે જ છે. એ પ્રમાણે જ કાર્ય–કારણની સનાતન વ્યવસ્થા છે.

નમસ્કાર એક મહાન શક્તિ

પંચપરમેષ્ઠિને નમસ્કાર કરવાથી જેમ સહાયવૃત્તિ, વિનય, સદાચાર, અવિનાશીપણું અને પરોપકાર, વગેરે લોકોત્તર ગુણો પ્રત્યે પ્રેમ જાગે છે, તેમ બીજા પણ અનેક લાભો થાય છે, ખરી રીતે આ પંચ નમસ્કાર એક મહાન શક્તિ છે, અથવા શક્તિનો પુંજ છે, પ્રતિપક્ષા વસ્તુને હઠાવવા માટે હંમેશાં શક્તિની જરૂર પડે છે.

મોહ એ જ જીવનો ખરેખરો શત્રુ છે.

અનાદિકાલથી આ જીવનાં સાચાં પ્રતિપક્ષી કોઈ હોય તો આઠ પ્રકારનાં કર્મો છે. એ કર્મોમાં પણ મોહનીય કર્મ મુખ્ય છે. આઠે કર્મોમાં તે નાયકના સ્થાને છે. એ મોહનીય કર્મને જિતવું દુષ્કર છે, તેના બે પ્રકાર છે. એક દર્શનમોહનીય અને બીજું ચારિત્રમોહનીય. આ મોહનીયકર્મને જિતવાથી બીજાં સર્વ કર્મોનું બળ જર્જરિત થઈ જાય છે. પરમેષ્ઠિ નમસ્કારથી મોહનીય કર્મનો સમૂલ નાશ થાય છે અને મોહના નાશથી બીજાં કર્મો અવશ્ય નાશ પામે છે. માટે જ નવકારમાં "सव्वपावप्पणासणो." એ પદ કહ્યું છે.

[illegible] જ [illegible] બીજા ઉપર [illegible] રંગ [illegible] શકે છે. અહીં પણ [illegible] અવસ્થા થઈ. પ્રથમ અશુભ, તેને તે ઉપાયો વડે શુભ બનાવી તે બીજા અને એ શુભ બન્યા પછી તેના ઉપર શુદ્ધ [illegible] રંગ ચઢાવો તે ત્રીજા. આ અનાદિનો ક્રમ છે. જે કોઈ શુદ્ધદશાને પામ્યા છે, તે બધા આ રીતે ક્રમશઃ વિકાસ કરીને જ. અશુભની રુચિ છોડી છે ત્યાં સુધી શુભ આલંબનની ખૂબ જ જરૂર છે. શુભના બળથી અશુભનો રાગ ટળી ગયા પછી શુભ પોતાની મેળે જ ખસી જાય છે. કારણ કે તે સજ્જન મિત્ર જેવો છે. જરૂર હોય ત્યાં સુધી સહાયમાં ઊભો રહે અને જરૂર પૂર્ણ થાય ત્યારે પોતાની મેળે ખસી જાય. એનું મુખ્ય કામ અશુભને કાઢવાનું છે. જેમ એરંડિયું પેટમાં ભરાએલા જુના મળને કાઢી પોતે પોતાની મેળે નીકળી જાય છે, તેમ આ પુણ્યાનુબંધિ પુણ્ય અશુભની રુચિ દૂર કરાવે છે અને મોક્ષને અનુકૂલ ઉત્તમ વસ્તુઓમાં ઉત્તમ રુચિ કરાવી

સ્વયં છૂટી જાય છે. આવા કુશલાનુબંધિ પુણ્યને ઉત્પન્ન કરનાર હોવાથી નમસ્કાર એ મહામંત્ર છે તેને પુણ્યરૂપી શરીરને ઉત્પન્ન કરનાર માતાની ઉપમા આપી છે. તે યથાર્થ છે. ખરી રીતે તો ઉત્તરોત્તર તેનાથી મોક્ષ મળે છે. પણ અહીં સાધ્યદશાને ગૌણ રાખી સાધનદશાને મુખ્ય બનાવી આ ફળ દર્શાવ્યું છે. આ ઉપરથી એમ પણ ફલિત થાય છે કે સાધ્ય કરતાં સાધનની મહત્તા જરા પણ ઓછી નથી. કાર્યસિદ્ધિના ઇચ્છુકને જેટલી કિંમત કાર્યની હોય છે, એટલી જ કે અધિક કિંમત તેના સાધનની હોય છે. જો બરોબર કારણ વિના કાર્ય થતું જ ન હોય તો કારણની ઉપેક્ષા કરવી એ કાર્યની જ ઉપેક્ષા કરવા તુલ્ય છે અને કારણનો આદર તે કાર્યનો જ આદર કરવા તુલ્ય છે.

જમીનમાં પાણી પ્રગટ કરવું, એ કાર્ય છે અને કુવો ખોદવાની ક્રિયા એ કારણ છે. જે માણસ વાસ્તવિક કારણોનું આસેવન કરે છે, તેનું કાર્ય અવશ્ય સિદ્ધ થાય છે અને કારણોનો અનાદર કરી તેનું આસેવન કરતો નથી તો કદી પણ કાર્યસિદ્ધિ થતી નથી. યોગ્ય ભૂમિમાં કુવો ખોદતાં જેમ પાણીની સેર પોતાની મેળે પ્રગટે છે, તેમ શુભ અનુષ્ઠાનોમાં મંડ્યા રહેવાથી આત્માની શુદ્ધિરૂપી કાર્ય પણ પોતાની મેળે થાય છે. વસ્ત્રને ઉજ્જવલ બનાવવું એ કાર્ય છે. એને ધોવાની ક્રિયાથી જેમ વસ્ત્રમાં ઉજ્જવલતા આપો આપ પ્રગટે છે, તેમ શુભ અનુષ્ઠાનોમાં સંલગ્ન રહેવાથી આત્મારૂપી વસ્ત્રમાં પણ ઉજ્જવલતા આપોઆપ પ્રગટે છે

આ બધાં કાર્યોમાં સાધનની જ મહત્તા છે. એ સાધનમાં આદર એ કાર્યનો જ આદર છે, તેથી ઉલટ સાધનનો અનાદર, સાધનની ઉપેક્ષા કે સાધનમાં મધ્યસ્થતા, એ કાર્ય પ્રત્યે પણ અનાદર, ઉપેક્ષા અને મધ્યસ્થતામાં પરિણમે છે.

મુમુક્ષુઓ માટે મોક્ષ એ સાધ્ય છે, એ વાત જેટલી નિશ્ચિત છે તેટલી જ એ મોક્ષ કુશલાનુબંધિ પુણ્યની પુષ્ટિ વિના કદી પણ પ્રાપ્ત થઈ શકતો નથી આ વાત પણ નિશ્ચિત છે. એ કુશલાનુબંધિ પુણ્યની પ્રાપ્તિ પણ પરમેષ્ઠિ નમસ્કાર વિના થતી નથી એ પણ નિશ્ચિત છે. માટે અહીં પરમેષ્ઠિ નમસ્કારને મોક્ષના અનન્ય કારણભૂત પુણ્યાનુબંધિ પુણ્યની જનની તરીકે કહી છે.

પાલની—

પુણ્યરૂપી અંગનું પાલન કરનાર નમસ્કાર છે.

પુત્રને જન્મ આપી દેવા માત્રથી માતાનું કાર્ય પૂરું થઈ જતું નથી. જન્મ આપવા કરતાં પણ પાલનપોષણ કરવામાં વધારે જવાબદારી અદા કરવી પડે છે. આ બધી જવાબદારી માતા બરાબર અદા કરે છે. જગતમાં પાલ્ય-પાલક સંબંધો અનેક પ્રકારના છે. રાજા પ્રજાનું પાલન કરે છે, પતિ પત્નીનું પાલન કરે છે, શેઠ નોકરનું પાલન કરે છે, પણ આ બધા પાલનમાં કોઈ પણ પાલક પોતાનું સ્વત્વ આપીને પોતાના આશ્રિતનું પાલન કરતો નથી; જ્યારે માતા પોતાનું સ્વત્વ આપીને—પોતાનું હીર આપીને પોતાના સુખ, સગવડ, શાન્તિ અને સર્વસ્વના ભોગે પુત્રનું પાલન કરે છે. માત્ર પાલન કરે છે એટલું જ નહિ, પણ

પોતાના જીવનમાં સુંદર સંસ્કારોનું સિંચન કરીને પુત્રમાં તે વારસો ઉતારે છે. બાળકને હજારો ઉપદેશ જે અસર ન કરે, તે અસર માતાનું આચરણ કરે છે. બાલકની અવ્યક્ત અવસ્થામાં ઉપદેશ કારગત નીવડતો નથી. પણ માતાના પ્રકૃતિગત સુંદર સંસ્કારોની અસર તેના જીવન ઉપર પડે છે. મોટે ભાગે તે વખતે સળેલા સારા માઠા સંસ્કારો પ્રમાણે જ બાળકનું જીવન ઘડાય છે. અહિંસાપ્રેમી માતાનાં બાળકો સ્વાભાવિક રીતે જ દયાલુ બને છે. સ્વયં ઉત્તમ બન્યા વિના ઉત્તમતાના સંસ્કારો આપી શકાતા નથી. આજ સુધીમાં અનેક મહાપુરુષોની જગતને જે ભેટ મલી છે, તેનું મૂળ તપાસીએ તો ઉત્તમ નરરત્નો તરીકે તેઓનું ઘડતર કરવામાં મુખ્ય ફાળો ત્યાગ અને વાત્સલ્યની મૂર્તિ એવી માતાનો, અથવા માતા જેવું હૃદય ધરાવનારા પવિત્ર આત્માઓનો જણાયા સિવાય રહેશે નહી. પોતાના સર્વસ્વના ભોગે માતા પુત્રનું પાલન કરે છે, ઉપરાંત તેમાં બીજી એક વિશેષતા એ છે કે, એને કદી એવો વિચાર પણ આવતો નથી, કે હું કંઈ ઉપકાર કરું છું. કદાચિત્ પુત્ર અયોગ્ય નીવડે તો પણ માતા પોતાના હૃદયમાં પુત્રના અવગુણને સ્થાન આપતી નથી, ઉલટું તેની ઉન્નતિ કેમ થાય, તેની અહર્નિશ ચિંતા કરે છે. આ હૃદય માતાને જ વર્યું હોય છે અને તેથી જ નીતિમાં-માર્ગાનુસારીના ગુણોમાં વડીલ વર્ગની અનુવૃત્તીમાં માતાને સૌથી પ્રથમ ગણવામાં આવી છે.

માતાની આ બધી વિશેષતાઓ જગતને માન્ય છે, તેથી જેના દિલમાં જે વસ્તુની મહત્તા અંકાઈ ગઈ હોય, તેને તે પ્રસિદ્ધ દૃષ્ટાંત દ્વારા ઉપદેશ આપવાથી અલ્પ પ્રયાસે અપ્રસિદ્ધ વસ્તુ પણ સમજાવી શકાય છે, માટે આહીં નમસ્કારને માતા કહેવામાં પૂર્વ પુરુષોએ એ રીતિને અખત્યાર કરી છે. આહીં નમસ્કારરૂપી માતાનો વિચાર કરવાનો છે. નમસ્કારરૂપી માતા માત્ર પુણ્યાનુબંધિ પુણ્યરૂપ શરીરને જન્મ આપે છે એટલું જ નહિ, પણ પુણ્યશરીરનું પાલનપોષણ પણ તે જ કરે છે. ઉત્તમ વસ્તુની પ્રાપ્તિ થયા પછી તેનો સદુપયોગ કરવો, એ જ એની પુષ્ટિ છે. નમસ્કારથી જે પુણ્ય બંધાય છે, તે કુશલાનુબંધિ હોય છે, નમસ્કારથી ઉત્તરોત્તર તે પુષ્ટ બનતું જાય છે અને પૂર્ણ વિકાસમાં પણ નમસ્કારથી જ પરિણમે છે.

નમસ્કારની રુચિ વિના પણ કદાચ ઊંચું પદ મલી જાય, પણ તે પરિણામે લાભકારક બનતું નથી. કારણ કે નમસ્કારની રુચિ વિના બંધાએલું પુણ્ય વિપાકકાળે જીવને ભાનભૂલો બનાવી વધારે અંધકારમાં ધકેલી દે છે. નમસ્કારની રુચિ પૂર્વકનો જે વિકાસ થાય છે, તે જ પરિણામે હિતકારક બને છે. આનું નામ જ સાચું પોષણ છે. નમસ્કાર વસ્તુને મેળવી પણ આપે છે અને તેનો સદુપયોગ પણ કરાવે છે. માટે તે કુશલાનુબંધિ પુણ્ય કહેવાય છે. આ કુશલાનુબંધિ પુણ્યની સહાય વિના જેમ ઉત્તમ પ્રકારની સામગ્રીનો યોગ સુલભ નથી, તેમ તેની સહાયતા વિના ઉત્તમ સામગ્રીનો

સદુપયોગ પણ શકય નથી. આત્મ–વિકાસના ઇચ્છુક કોઇપણ ભવ્યાત્માઓને નમસ્કારથી પ્રાપ્ત થનાર કુશલાનુબંધિ પુણ્યની સહાય વિના ચાલી શકયું નથી અને ચાલી શકવાનું નથી. ચોર અને શ્વાપદ આદિથી ભરપૂર ભયંકર અટવીમાં સમર્થ વળાવો જેમ અટવીનું ઉલ્લંઘન કરાવી ઇચ્છિત સ્થાને પહોંચાડે છે, તેમ પુણ્યાનુબંધિ પુણ્યરૂપી વળાવો પણ રાગદ્વેષ આદિ દોષોરૂપી ચોર અને શ્વાપદોથી ભરપૂર ભયંકર એવી ભવઅટવીનું ઉલ્લંઘન કરાવી ઇચ્છિત સ્થાનમાં મોક્ષ-નગરમાં પહોંચાડવા પૂર્ણ સહાય કરે છે. આ બધાનું પણ મૂળ નમસ્કાર હોવાથી નમસ્કારને અહીં પુણ્યરૂપી શરીરને જન્મ આપનારી અને પોષણ કરનારી માતા તરીકે કહેવામાં આવી છે. આ તત્ત્વને જાણ્યા પછી નમસ્કાર પ્રત્યે અધિક આદર પ્રગટે એ સહજ છે.

શોધની

પુણ્યરૂપી અંગને પવિત્ર રાખનાર નમસ્કાર છે.

માતા પુત્રને જન્મ આપે છે અને પુત્રનું પાલન–પોષણ કરે છે, તેમ પુત્રને સ્વચ્છ રાખવાનું કાર્ય પણ માતા જ કરે છે. અહીં પણ નમસ્કાર જેમ પુણ્યરૂપી શરીરને જન્મ આપે છે, અને તેનું પાલન–પોષણ કરે છે, તેમ તેને પવિત્ર રાખવાનું કાર્ય પણ તે જ કરે છે. પુણ્યરૂપી અંગને પવિત્ર રાખવાનો અર્થ એ છે કે પુણ્યાનુબંધિ પુણ્યને તે સાનુબંધ કરે છે, તેમાં પૌદ્ગલિક આશંસાદિ દોષોરૂપી મલિનતા ન ભળે તેની કાળજી રાખે છે, ઉત્તરોત્તર વધુ ને વધુ કુશલા-નુબંધિ બનાવી જીવની અધિક અધિક શુદ્ધિ કરે છે અને શુદ્ધિની પરાકાષ્ઠાએ અર્થાત્ મોક્ષપદ સુધી પહોંચાડે છે.

કુશલાનુબંધિ પુણ્યનો સ્વભાવ જ એવો છે કે તે ઉત્તરોત્તર અધિક અધિક વિકાસમાં સહાયક બને. જીવમાં લૌકિક કીર્તિ આદિની આશંસા અથવા પ્રાપ્ત ગુણસ્થાનકો પ્રત્યે આસંગાદિ દોષો આવી જવાનો સંભવ છે. તેને દૂર કરી આત્મવિકાસની પરાકાષ્ઠાએ પહોંચાડે છે, જીવની સંપૂર્ણ શુદ્ધિ કરાવે છે. નમસ્કારરૂપી માતાની એજ વિશેષતા છે કે તે પુણ્યરૂપી અંગનું એવું પાલન-પોષણ અને શોધન કરે છે, કે તેના પરિણામે જીવની શુદ્ધિ આપોઆપ થઈ જાય છે.

જંગલમાં વસતા ભીલ--ભીલડીનો વિકાસ નમસ્કારના આરંભથી થયો હતો, તેથી એ વિકાસનો અંત ઉત્તરોત્તર અધિકાધિક વિકાસમાં પરિણમ્યો હતો.

જીવરૂપી હંસને વિશ્રાન્તિનું સ્થાન નમસ્કાર છે.

हंसविश्रामकमलश्रीः —નમસ્કાર એ જીવરૂપી હંસને વિશ્રાંતિ માટે કમલની શોભા સમાન છે.

સંસારમાં જીવને ક્યાંય વિશ્રાંતિ નથી. કષાયરૂપી તાપથી આ જીવ સતત તપી રહ્યો છે. કર્મરૂપી મેલથી ખરડાઈ રહ્યો છે. તૃષ્ણારૂપી તૃષથી તૃષાતુર બની રહ્યો છે. આવી દશામાં શાન્તિ ક્યાંથી હોય ? ઉલટી દિશામાં દોડી દોડીને જીવ થાકી ગયો છે. વિશ્રાંતિ માટે જ્યાં જ્યાં દોડે છે, ત્યાં ક્યાંય તેને વિસામો મળતો નથી. જગતમાં વિસામા અનેક પ્રકારના ગણાય છે. લોભીને ધન પ્રાપ્તિ વિસામો લાગે છે, કામીને રાગનાં સાધનો વિસામારૂપ લાગે છે, રોગીને આરોગ્યની પ્રાપ્તિ વિસામો આપે છે, ભૂખ્યાને ભોજન અને તરસ્યાને પાણી વિસામો લાગે છે, ત્યારે ભાર ઉપાડનારને

ભાર દૂર થાય એ વિસામો લાગે છે. પણ આ બધા સાચા વિસામા નથી. માત્ર દુઃખના ક્ષણિક પ્રતિકારો છે. ખરેખરો અને છેલ્લો વિસામો ભાવ નમસ્કારની પ્રાપ્તિ થવી તે છે. તે સિવાયના વિસામા થોડીવાર કામચલાઉ વિશ્રાંતિ ભલે આપે, પણ પરિણામે જીવના થાકને ઉલટા વધારી દે છે. તે વિસામો સાચો વિસામો ગણાય કે જેની પ્રાપ્તિ પછી જીવમાં વિશ્રાંતિ ઉત્તરોત્તર વધતી જ રહે. આવો વિસામો નમસ્કારની પ્રાપ્તિથી મળે છે. નમસ્કારની પ્રાપ્તિથી જીવનું ભાવદારિદ્રય ટળી જાય છે, કિનારે આવેલા વહાણના જેવી સ્થિતિએ પહોંચે છે. તેથી તેનો આંતરિક આનંદ વધતો જ રહે છે જીવરૂપી હંસને જો પરમેષ્ઠિ નમસ્કારરૂપી સુશોભિત કમલની શ્રેણીમાં લીન બનાવવામાં આવે તો એને અનુપમ વિશ્રાંતિ મળી શકે છે. મહાજ્ઞાનીઓ પણ આત્માની સાચી વિશ્રાંતિ માટે આ મંત્રનું જ ધ્યાન ધરે છે. આ મંત્રના ધ્યાનમાં જીવ પરોવાઈ જાય તો એને ચારે બાજુથી વિશ્રાંતિ આપોઆપ આવીને મળે છે.

નમસ્કાર સદા જયવંત રહો.

આ રીતે નવકારના ગુણો અપાર છે અને તેથી જ વિવેકી આત્માઓ પ્રતિદિન આ નવકારનું આદરપૂર્વક આરાધન કરે છે. આ અસાર સંસારમાં નવકારમંત્ર એ જ એક સારભૂત વસ્તુ છે. આ ઇષ્ટ નમસ્કૃતિ સદા જયવંતી રહો ! અને સૌ કોઈ આદરપૂર્વક નવકારની આરાધના કરીને શાશ્વત સુખને પ્રાપ્ત કરો ! !

'શિવમસ્તુ'

૧૨–ચરાચર વિશ્વની દૃષ્ટિએ નવકારના આરાધકો સર્વ જીવોને અભય આપનારા નિવડે છે, સદાય સકળ વિશ્વની એક સરખી સુખ–શાન્તિ ચાહે છે અને તે માટે શકય તેટલા બધા જ પ્રયત્નો કોઈપણ જાતના બદલાની આશા કે ઇચ્છા વના નિરંતર કર્યા કરે છે.

૧૩–વ્યક્તિગત ઉન્નતિની દૃષ્ટિએ કોઈ પણ જાતની બાહ્ય સાધન–સામગ્રીના અભાવે પણ સાધક કેવળ માનસિક બળથી સર્વોચ્ચ ઉન્નતિની ટોચે પહોંચી શકે છે.

૧૪–સમષ્ટિગત ઉન્નતિની દૃષ્ટિએ પરસ્પરને સમાન આદર્શના પૂજક બનાવી સત્શ્રદ્ધા, સજ્જ્ઞાન તથા સચ્ચારિત્રના સત્પન્થે ટકી રહેવાનું ઉત્તમ બળ સમર્પે છે.

૧૫–અનિષ્ટ–નિવારણની દૃષ્ટિએ નવકારનું સ્મરણ અશુભ કર્મના વિપાકોદયને રોકી દે છે અને શુભ કર્મના વિપાકોદયને અનુકૂળ બને છે, તેથી નવકારના પ્રભાવે બધાં અનિષ્ટો ઇષ્ટ રૂપે બદલાઈ જાય છે. જેમ કે અટવી મહેલ સમાન, સર્પ ફૂલની માળા સમાન વગેરે બને છે.

૧૬–ઇષ્ટસિદ્ધિની દૃષ્ટિએ નવકાર શારીરિક બળ, માનસિક બુદ્ધિ, આર્થિક વૈભવ, રાજકીય સત્તા, ઐહિક સંપત્તિ તથા બીજાં પણ અનેક પ્રકારના ઐશ્વર્ય, પ્રભાવ અને ઉન્નતિને આપનાર થાય છે, કારણ કે તે ચિત્તની મલિનતા અને દોષોને દૂર કરીને નિર્મળતા અને ઉજ્જવળતાને પ્રગટાવી આપે છે. સર્વ ઉન્નતિનું બીજ ચિત્તની નિર્મળતા છે, એ નિર્મળતા નવકારથી સહજ રીતે સિદ્ધ થાય છે.

જાપની સિદ્ધિ માટે પ્રયોજનભૂત જ્ઞાન

જાપમાં સિદ્ધિ ઇચ્છનાર સાધકને જાપમાં અતિ પ્રયોજનભૂત હકીકતોનું જ્ઞાન બરાબર રુચિપૂર્વકનું હોવું જોઈએ. રુચિપૂર્વકનું જ્ઞાન એટલે જ્ઞાન પ્રમાણે જીવનમાં યથાશક્તિ ઉતારવાની તાલાવેલીપૂર્વકનું જ્ઞાન. તે વિના સાધનાના માર્ગમાં આગલ વધી શકાય નહિ, એથી અહીં જાપમાં અતિ ઉપયોગી બાબતોને રજુ કરવામાં આવે છે:

પ્રથમ જાપ કરનાર સાધકે પરમેષ્ઠિ ભગવંતોનું સ્વરૂપ ગુરુઓ પાસેથી સારી રીતે સમજી લેવું જોઈએ અને તેનું વારંવાર ચિન્તન-મનન કરીને પોતાના નામની જેમ આત્મસાત્ કરી લેવું જોઈએ. પોતાનું નામ લેતાંની સાથે જ જેમ પોતાનું સમગ્ર સ્વરૂપ ખ્યાલમાં આવે છે તેમ જાપ કરતી વખતે મંત્રના અક્ષરોનો અર્થ પોતાના મનની સમક્ષ પ્રગટ થવો જોઈએ.

પરમેષ્ઠિ ભગવંતોનો આપણા પર કેવો પરમ ઉપકાર છે, તથા તેમના ઋણ નીચે આપણે કેટલા દબાએલા છીએ, તેનો ખ્યાલ જાપ કરનારે સતત રાખવો જોઈએ. પરમેષ્ઠિ ભગવંતોનું આલંબન ન મલવાના કારણે ભૂતકાળમાં અનંત ભવભ્રમણો કરવાં પડ્યાં, તેનો અંત આજે તેમના અવલંબનથી

આવી રહ્યો છે, તેનો હર્ષ ધારણ કરવો જોઈએ. માનસજાપ વખતે કાયા અને વસ્ત્રની શુદ્ધિ સાથે મનનું અને વાણીનું મૌન પુરેપુરું જાળવવા પ્રયત્ન કરવો.

જાપનો ઉદ્દેશ પહેલાંથી સ્પષ્ટ અને નક્કી કરી દેવો જોઈએ. સર્વ જીવરાશિનું હિત થાઓ, સર્વ જીવો પરમાત્મશાસનના રસિયા બનો, આ ઉદ્દેશ સર્વથી શ્રેષ્ઠ છે. ભવ્યાત્માઓ મુક્તિ પામો, સંઘનું કલ્યાણ થાઓ, વિષય અને કષાયની પરવશતાથી હું જલ્દી મૂકાઉં, મૈત્રી આદિ ભાવનાઓથી મારું અંતઃકરણ સદા સુવાસિત રહો, વિગેરે ઉદ્દેશોમાંથી કોઈ પ્રશસ્ત ઉદ્દેશ નક્કી કરવો. જાપ કરતી વખતે કદાચિત્ ચિત્તવૃત્તિ ચંચલ બને તો થોડીકવાર જાપ બંધ કરી નીચે લખેલાં વાક્યોમાંથી કોઈ વાક્યની કે એના જેવી બીજી વિચારણામાં ચિત્તને જોડવું.

જગતના સર્વ જીવો સુખી થાઓ. રોગી સર્વ નીરોગી બનો, વિશ્વના કોઈ પણ જીવો પાપ ન કરો, વિશ્વના કોઈ પણ જીવો દુઃખી ન થાઓ. વિશ્વના સમસ્ત દોષો નાશ પામો, વિશ્વમૈત્રી વિકાસ પામો. સર્વને સદ્બુદ્ધિ મળો. સર્વ જીવો બોધિબીજ પામો.

એ પ્રમાણે ઉચ્ચ વિચારણામાં ચિત્તને જોડવાથી ચિત્તની ચંચળતા ટળી જાય છે. માટે એ રીતે ચિત્તને સ્વસ્થ કરીને તરત પુનઃ જાપ શરૂ કરી દેવો.

સાધકે રાગ કે દ્વેષમાં ચિત્તને પરિણત ન થવા દેવું. પરંતુ સમતામાં રહેવાનો પ્રયત્ન કરવો.

સમતાથી જાપમાં સાહજિક પ્રગતિ થશે, સમતા ચેત્તમાં શાન્તિનું સામ્રાજ્ય સ્થાપિત કરશે અને એથી નવકારનું સ્મરણ કાયમી બનશે. શાન્તિ, સમતા અને સમર્પણ એ ત્રણેને સાધક પોતાના જીવનમાં જેટલાં અધિક સ્થાપિત કરશે તેટલી તેની પ્રગતિ અધિક થશે.

સાધકે પોતાના બધા સંબંધોમાં આધ્યાત્મિકતા સ્થાપિત કરવી. કોઈ પણ પ્રકારના અયોગ્ય આકર્ષણમાં પોતે તણાઈ જવું નહિ, તેમ કોઈ પણ વિષયના રાગદ્વેષમાં બીજાને બાંધવાનો પણ પ્રયાસ કરવો નહિ.

સાધનાના પરિણામ વિષે અધીરા ન બનવું, પણ ધૈર્ય ધારણ કરવું. સાધનામાં વીતાવેલી પ્રત્યેક પળની જીવન ઉપર અચૂક અસર થાય છે. નવકાર જ્યારે સૂક્ષ્મ ભૂમિકાઓમાં અપ્રગટપણે શુદ્ધિનું કાર્ય કરે છે, ત્યારે એનો પ્રભાવ તાત્કાલિક જણાતો નથી, પણ ધીરે ધીરે યોગ્ય સમય પાકતાં એ બહાર આવે છે અને આપણી સમગ્રતામાં તેમજ આપણા વાતાવરણમાં એનો પ્રભાવ પ્રગટ અનુભવાય છે. જ્યાં સુધી સાધકના ચિત્તમાં ચંચલતા અસ્થિરતા, અશ્રદ્ધા, ચિંતા, વિગેરે હોય છે, ત્યાં સુધી તે પ્રગતિ કરી શકતો નથી. એ બધાનો અભાવ કરી શાન્તતા, સ્થિરતા, અડગતા, વિગેરેને પોતાના ચિત્તમાં સ્થાપિત કરવાં, તે સાધક માટે અતિ આવશ્યક છે.

સાધકે જાપની સિદ્ધિ માટે પોતામાં બીજા પણ કેવા ગુણો હોવા જોઈએ, તે યોગ્ય ગુણોનું ચિંતન-મનન કરવું.

[illegible] પણ [illegible]
[illegible] કે અને [illegible] નિર્મળ બની
[illegible] કે' એમ [illegible] વિચાર્યું. 'બુદ્ધિ નિર્મળ થવાથી [illegible]
પુરુષાર્થોની સિદ્ધિ થાય છે' એવું [illegible] [illegible]
પરમાં શ્રધ્યું. 'બુદ્ધિને નિર્મળ કરવાનું કેવુ જાણવું
આવશ્યક પાર પડે છે' એવી શ્રદ્ધા થઈ. જગત કરનાર સામગ્રી
વિષયોને વિષવૃક્ષ જેવા માનવા, સંસારના સમાગમોને
સ્વપ્નવત્ જોવા, પોતાની વર્તમાન અવસ્થાને નાટકનો ભાગ
માનવો, શરીરને કેદખાનું અને ઘરને મુસાફરખાનું માનવું
આ રીતે અનિત્યાદિ ભાવનાઓથી પોતાના આત્માને ભાવિત
કરવો. સંથારા પોરિસિની ગાથાઓમાં દર્શાવેલ પદાર્થોને
અર્થના ચિન્તવનપૂર્વક સ્વાધ્યાય કરવાથી દિનપ્રતિદિન સાધન

માર્ગમાં આગળ વધવાનું બળ પ્રગટે છે. વલી સાધકે જાપથી પ્રાપ્ત થતા નીચેના ગુણોનું ચિન્તન પણ કરવું, જેમકે—

શ્રીનવકારમંત્રનો જાપ કરવાથી આત્મામાં શુભકર્મનો આશ્રવ થાય છે, અશુભ કર્મનો સંવર થાય છે, પૂર્વકર્મની નિજરા થાય છે. લોકસ્વરૂપનું જ્ઞાન થાય છે, સુલભબોધિપણું મળે છે અને સર્વજ્ઞકથિત ધર્મની ભવોભવ પ્રાપ્તિ કરાવનાર પુણ્યાનુબંધિ પુણ્યકર્મ ઉપાર્જન થાય છે. ઇત્યાદિ શુભ ભાવનાઓ ચિત્તમાં નિરંતર રમ્યા કરે તેવા પ્રયત્નો કરવા.

卐

ભૌતિકવાદના આ યુગમાં અધ્યાત્મવાદનાં અમીપાન કરવા માટે શ્રીનમસ્કાર મહામંત્ર સમાન કોઈ ઉત્તમ સાધન નથી, કોઈ નિર્મળ અને સરળ મંત્ર નથી. આ મહામંત્ર કુવિકલ્પોથી મનનું રક્ષણ કરે છે. ખોટા વિચારોથી મનનું રક્ષણ કરવું એ એક મહત્ત્વની વસ્તુ છે. વર્તમાન યુગમાં ધન, સત્તા કે વૈભવનું રક્ષણ કરવા માટે, દેહ, બળ કે આરોગ્યનું રક્ષણ કરવા માટે અનેક સાધનો યોજાયાં છે અને યોજાય છે, પણ સંકલ્પ વિકલ્પથી મનનું રક્ષણ કરવા માટે એક પણ સમર્થ સાધન શોધાયાનું સાંભળ્યું નથી. તે માટે નવકાર મંત્ર એક સમર્થ સાધન છે. પૂર્વ મહર્ષિઓએ મનના રક્ષણ માટે અનેક પ્રકારના મંત્રો યોજેલા છે. આવા સર્વ મંત્રોમાં શ્રીનમસ્કાર મહામંત્રનું સ્થાન શ્રીજૈન શાસનમાં મોખરે છે.

બનાવે છે અને ક્રમે કરી સર્વકર્મથી મુક્ત બનાવી પારલૌકિક સર્વશ્રેષ્ઠ ફળ તરીકે સિદ્ધિપદ અપાવે છે.

'સાધનાના માર્ગમાં પ્રારંભથી માંડી છેવટ સુધી જે કાંઈ વિકાસ થાય છે તે દેવ-ગુરુની કૃપાનું જ ફળ છે' એવી શ્રદ્ધા સાધકને અવશ્ય સંપૂર્ણ બનાવે છે. પરંતુ 'આ તો મારા પ્રયત્નનું ફળ છે' એ પ્રકારે 'અહં'ને આગળ કરવાથી વિકાસ અટકી જાય છે. માટે આ માર્ગના અનુભવી પુરુષોનું નીચેનું કથન સાધકે હંમેશને માટે પોતાના હૃદયપટ ઉપર કોતરી રાખવું જરૂરી છે. યોગશાસ્ત્રના બારમા પ્રકાશમાં આ. શ્રી હેમચંદ્રાચાર્યજી એ સંબંધી ફરમાવે છે કે--

अथवा गुरूप्रसादा-दिहेव तत्त्वं समुन्मिषति नूनं ।
गुरूचरणोपास्तिकृतः, प्रशमजुषः शुद्धचित्तस्य ॥

—ગુરુના ચરણની સેવા કરવાવાળા, શાન્તરસમાં ઝીલનારા અને પવિત્ર અંતઃકરણવાલા સાધકને ગુરુની કૃપાથી આ જ ભવમાં ચોક્કસ રીતે તત્ત્વનો પ્રકાશ થાય છે.

तत्र प्रथमे तत्त्व-ज्ञाने संवादको गुरुर्भवति ।
दर्शयिता त्वपरस्मिन्, गुरुमेव सदा भजेत्तस्मात् ॥

—પૂર્વ જન્મમાં પ્રથમ તત્ત્વપ્રકાશના અભ્યાસમાં ઉપદેશદાતા ગુરુ હોય છે અને બીજા ભવમાં પણ તે તત્ત્વ-જ્ઞાનને દેખાડનાર ગુરુ છે, આ કારણથી તત્ત્વના પ્રકાશ માટે ગુરુની જ નિરંતર 'સેવા' કરવી.

यद्वत्सहस्रकिरणः, प्रकाशको निचिततिमिरमग्नस्य ।
तद्वद्गुरुरत्र भवे-दज्ञानध्वांतपतितस्य ॥

—જેમ ગાઢ અંધકારમાં પડેલા પદાર્થોને સૂર્ય દેખાડે છે તેમ અજ્ઞાનરૂપ અંધકારમાં પડેલા જીવોને આ ભવમાં તત્ત્વોપદેશરૂપ સૂર્યવડે જ્ઞાન માર્ગને દેખાડનાર ગુરુ છે. એ કારણે પોતાની મતિકલ્પનાથી કરાતા કષ્ટકારક ઉપાયોનો ત્યાગ કરી ગુરુના ઉપદેશ પ્રમાણે સાધકે તત્ત્વાભ્યાસમાં પ્રીતિ કરવી. આ રીતે સાધ્યની સિદ્ધિ માટે તત્ત્વદર્શક ગુરુના ઉપકારની સ્મૃતિ અને અરિહંત પરમાત્માના પવિત્ર નામનું સતત રટણ ચાલુ રાખવું, એ સાધક માટે આવશ્યક છે.

★

ગ્રીષ્મના પ્રચંડ તાપ પછી વર્ષાઋતુનું શુભ આગમન થાય છે, તેમ શ્રીનવકાર મહામંત્રના પરમ કોટિના ધ્યાનની ગરમી પ્રગટ્યા પછી સદાચારરૂપ સમતા સામાયિકનું મંગળ આગમન થાય છે. સુવર્ણને ઘડતા પહેલાં પૂરેપૂરું તપાવવું પડે છે; પછી જ ઘાટ લાવી શકાય છે, તેમ શ્રીનવકારના ધ્યાનની ગરમી વડે વિશુદ્ધ બનેલા જીવનમાં જ સમતા સામાયિકનું ઘડતર થઈ શકે છે, નવકાર-ધ્યાનના પૂરેપૂરા પૂટ આપ્યા વિના જીવનમાં સમતા સામાયિકને યોગ્ય પુણ્ય-પવિત્ર અધ્યવસાયોની નવરચના થઈ શકતી નથી-અને ત્યાં સુધી સાચા સુખનો આનંદ અનુભવી શકાતો નથી. કૃત્રિમ સુખોમાં ઠગાવાનું ત્યાં સુધી જ રહે છે કે જ્યાં સુધી સમતા સામાયિકના પરમ આનંદને અનુભવ્યો નથી.

જાપ કેવી રીતે કરવો ?

જાપ ત્રણ પ્રકારનો છે, (૧) ભાષ્ય, (૨) ઉપાંશુ અને (૩) માનસ. આ ત્રણ પ્રકારો ઉત્તરોત્તર શ્રેષ્ઠ છે. ભાષ્ય જાપ કરતાં ઉપાંશુ જાપ કઠિન ગણાય અને ઉપાંશુ જાપ કરતાં માનસ જાપ કઠિન ગણાય. અને એથી જ ભાષ્ય કરતાં ઉપાંશુનું ફળ સો ગણું છે અને ઉપાંશુ કરતાં માનસનું ફળ હજાર ગણું છે, એ દૃષ્ટિએ જાપના ત્રણે પ્રકારમાં માનસ જાપ શ્રેષ્ઠ છે; એટલે કે ભાષ્ય કરતાં ઉપાંશુ અને ઉપાંશુ કરતાં માનસ જાપનું ફળ ઘણું વધારે છે. આમ છતાં જાપની શરૂઆત તો ભાષ્યથી જ કરવી ઉત્તમ છે. જેઓ ભાષ્ય જાપનો અભ્યાસ કર્યા વિના ઉપાંશુ જાપનો આશ્રય કરે છે, કે ઉપાંશુ જાપનો અભ્યાસ કર્યા વિના સીધો માનસ જાપનો આશ્રય કરે છે; તેમને જપસિદ્ધિ થતી નથી. કદાચ કોઈ મહાપુરુષને પૂર્વ જન્મના સંસ્કારના બળે આ ક્રમ અનુસર્યા વિના સિદ્ધિ થતી દેખાય તો પણ એ રાજમાર્ગ છે એમ માનવું નહિ. ભાષ્ય અને ઉપાંશુ જાપનો અભ્યાસ થઈ ગયા પછી માનસ જાપ કરવો હિતકર છે.

ભાષ્ય ઉપાંશુ અને માનસ આદિ જાપનાં લક્ષણો.

'यस्तु परैः श्रूयते स भाष्यः'—જેને બીજો સાંભળી શકે તે પ્રમાણે જોર લગાવીને મંત્રનો ઉચ્ચાર કરવો તે ભાષ્ય, અર્થાત્ સ્પષ્ટ ઉચ્ચારરૂપ તેખરી વાણીથી જાપ

કરવો તેને ભાષ્ય જાપ કહેવામાં આવે છે. આ જાપ મધુર સ્વરે ધ્વનિ શ્રવણપૂર્વક બોલીને કરવો. ભાષ્ય જાપથી ચિત્ત નિરવ-શાન્ત બને છે. આ જાપ વચનપ્રધાન છે તેને વાચિક જાપ પણ કહેવામાં આવે છે.

આ જાપ સારી રીતે સિદ્ધ કર્યા પછી કંઠગતા મધ્યમા વાણીથી જાપ કરાય, તેને 'ઉપાંશુ' કહેવામાં આવે છે.



'उपांशुस्तु परैरश्रूयमाणोऽन्तर्जल्परूपः ।'

—બીજાઓ ન સાંભળી શકે તેવો પણ અંદરથી રટણરૂપ હોય તે ઉપાંશુ. આમાં ઓષ્ઠ, જીભ વગેરેનો વ્યાપાર ચાલુ હોય છે, પણ પ્રગટ અવાજ હોતો નથી. આ જાપમાં વચનની નિવૃત્તિ થાય છે. કાયાની પ્રવૃત્તિ તેમાં પ્રધાન હોય છે.

આ જાપની સિદ્ધિ થયા પછી હૃદયગતા 'પશ્યંતી વાણીથી જાપ કરાય તેને 'માનસ' જાપ કહેવામાં આવે છે

'मानसो मनोमात्रवृत्तिनिर्वृत्तः स्वसंवेद्यः ।'

—માનસ જાપ તેને કહેવામાં આવે છે કે જે મા: મનની વૃત્તિઓ વડે જ થાય છે અને સાધક પોતે જ તેને અનુભવ કરી શકે છે. આ જાપમાં કાયાની અને વચનન પ્રવૃત્તિ નિવૃત્ત થાય છે. અર્થાત ઓષ્ઠ આદિ અવયવોઃ હલન ચલન અને ઉચ્ચાર સર્વથા અટકી જાપ કરતાં દૃષ્ટિ પ્રતિમા, અક્ષરો, અથવા નાસિકાના અગ્રભાગ ઉપર સ્થિર રાખવી. તેમ ન બની શકે તો આંખો મીંચી ધારણાથી અક્ષરોને લક્ષ્યમાં રાખી જાપ કરવો. માનસ જાપ સારી રીતે સિદ્ધ થતાં નાભિગતા 'પરા' વાણીથી જાપ કરાય તેને 'અજપા' જાપ કહે છે. દૃઢતર અભ્યાસ થવાથી આ જાપમાં ચિંતન વિના પણ મનમાં નિરંતર મહામંત્રનું રટણ થયા

શ્રીપરમેષ્ઠિઓના સ્મરણનું માહાત્મ્ય.

જપ દ્વારા પરમેષ્ઠિઓનું સ્મરણ આપણા અંતરાત્મામાં જેમ જેમ વધતું જાય છે, તેમ તેમ આનંદ આવતો જાય છે. 'મને પ્રેમ છે' એમ કહેવા માત્રથી પ્રેમ હોવાનું મનાય નહિ. સૂતાં, ઉઠતાં, બેસતાં, હરતાં ફરતાં જ્યારે એ જ વસ્તુ યાદ આવે એનું જ સ્મરણ થયા કરે, એના વિના ચેન પડે નહિ, ત્યારે સમજવું કે આપણા હૃદયમાં જપ ઉપર પ્રેમ જાગ્યો છે.

શ્રીપાલ મહારાજાને આપત્તિ અને સંપત્તિમાં સર્વત્ર અરિહંત પરમાત્માનું સ્મરણ થતું હતું. દુષ્ટ ઇરાદાથી ધવલ શેઠે જ્યારે તેમને સમુદ્રમાં પાડયા ત્યારે પણ તેમના મુખમાંથી "નમો અરિહંતાણં" પદ નીકળ્યું હતું. અને તેઓ નાટક જોતા હતા ત્યાં પણ તેમને અરિહંતનું સ્મરણ થતું હતું. ઉત્તમ પુરુષોના અંતઃકરણમાં આ રીતે પરમાત્માનું સ્મરણ સતત રીતિએ ચાલી રહ્યું હોય છે.

પરદેશ ગમન વખતે મયણાસુંદરીએ પણ શ્રીપાલને એ જ યાદી આપી હતી કે અરિહંતાદિને એક ક્ષણ પણ વિસરશો નહિ, કારણ કે પરમાત્માને ન ભૂલવા અને તેમનું સતત સ્મરણ ચાલુ રાખવું એ જ સર્વ સંપત્તિનું અમોઘ બીજ છે, એમ મયણાના હૃદયમાં દૃઢ શ્રદ્ધા હતી.

ઉદયથી "યુષ્મદ્ અને અસ્મદ્" પદનો ઉલ્લેખ પણ થતો નથી. કોઈક અગોચર પરમ ચૈતન્યમય જ્યોતિ અંતરમાં સ્ફુરાયમાન થાય છે."

ભ્રમરીના ધ્યાનથી ઇલિકા જેમ ભ્રમરીપણાને પામે છે, તેમ પરમાત્માનું સતત સ્મરણ અને ધ્યાન કરવાથી આત્મા પરમાત્માપણાને પામે છે.

વલી મહાપુરુષો ફરમાવે છે કે પરમાત્માનું સ્મરણ–કીર્તન કરવાથી કરોડો તપનું ફળ મળે છે, સર્વ કામનાઓ સિદ્ધ થાય છે, અંતઃકરણ, અને જન્મ સફળ થાય છે, કષ્ટ અને વિઘ્નો ટળે છે, મંગળ અને કલ્યાણની પરંપરા મળે છે, મહિમા અને મોટાઈ વધે છે, પ્રત્યેક સ્થાને સુયશ અને મહોદય થાય છે, દુર્જનનું ચિન્તવેલું નિષ્ફળ જાય છે, યશ, કીર્તિ અને બહુમાન વધે છે, આનંદ, સુખ, લીલા અને લક્ષ્મી મળે છે, ભવજલતરણ, શિવસુખ મીલન અને આત્મોદ્ધારકરણ સુલભ થાય છે. દુર્ગતિના દ્વારોનું રોકાણ અને સદ્ગતિના દ્વારોનું ઉદ્ઘાટન થાય છે.

એ કારણે પરમાત્માનું સ્મરણ એ પરમનિધાન છે. અમૃતનો કુંપો છે. રાતદિવસ કરવા લાયક છે. ઘડી પણ ન વિસરવા લાયક છે. એ સ્મરણ કરનારને નવનિધાન ઘેર છે, કલ્પવેલી આંગણે છે, આઠ મહાસિદ્ધિઓ ઘટમાં છે. પરમેષ્ઠિઓના સ્મરણથી કોઈ પણ જાતના કાયાના કષ્ટ વિના જ ભવજલ તરાય છે અને અજરામર પદની પ્રાપ્તિ હસ્તામલકવત્ બની જાય છે.

જાપ કરનાર સાધકે ધ્યાનમાં રાખવા યોગ્ય બાબતો.

જાપ માટે નીચેની બાબતો ધ્યાનમાં રાખવી.

(૧) નિશ્ચિત સમય—સામાન્યથી શ્રીનમસ્કાર મહામંત્રના જાપ માટે બાકી મુહૂર્ત (પાછલી ચાર ઘડી રાત્રી) અને ત્રણ સંધ્યાનો નિશ્ચિત સમય શ્રેષ્ઠ છે. ત્રણ સંધ્યા નીચે પ્રમાણે સમજવી. (૧) સૂર્ય ઉદય પહેલાંની એક ઘડી અને ઉદય પછીની એક ઘડી; (૨) મધ્યાહ્ન પહેલાંની એક ઘડી અને પછીની એક ઘડી, (૩) સૂર્યાસ્ત પહેલાંની એક ઘડી અને પછીની એક ઘડી, અથવા તો સૂર્યાસ્ત પછીની બે ઘડી કે સૂર્યોદય પહેલાંની બે ઘડી. જાપ કરવા માટે આ ત્રણ સંધ્યાનો સમય ઉત્તમ મનાયો છે; પરંતુ તેમાં પહેલી સંધ્યા વધારે સારી છે, કારણ કે તે વખતે વાતાવરણ શાન્ત હોય છે અને મગજ પણ શાન્ત હોય છે. આ સિવાય સૂર્યોદયથી માંડી દશ વાગ્યા સુધીનો અને પાછલી રાત્રિનો સમય પણ જાપ માટે સારો કહ્યો છે.

શ્રીનવકાર મંત્રનું સ્મરણ જ્યારે જ્યારે અનુકૂળતા હોય ત્યારે ત્યારે વારંવાર કરવાનું શાસ્ત્રમાં જે વિધાન છે, તે તેવી રીતના જાપથી શુભ સંસ્કારોની સતત જાગૃતિ રહે એ અપેક્ષાએ સમજવું. વારંવાર સ્મરણથી શુભ સંસ્કારોની જાગૃતિ રહે છે એ સત્ય હકીકત છે તો પણ વિશિષ્ટ આત્મ-

શક્તિ જાગૃત કરવા માટે જપની પ્રાથમિક ભૂમિકામાં ઉપર જણાવેલા સમયની મર્યાદા જાળવવી જરૂરી છે. પ્રાથમિક ભૂમિકાએ જપ કરનારે અમુક સમય નક્કી કરી રાખવો જોઈએ. જપની પ્રાથમિક શક્તિઓના અનુભવ માટે સમયની ચોકસાઈ જાળવવી જરૂરી છે.

(૨) નિશ્ચિત આસન—શ્રીનવકાર મંત્રના જપ માટે આસન શ્વેત શુદ્ધ ઊનનું રાખવું. વસ્ત્રો પણ શ્વેત પહેરવાં જોઈએ અને માળા પણ સફેદ દોરાની બનેલી હોવી જોઈએ. શ્વેતરંગ એ શુક્લ લેશ્યાનું પ્રતીક છે. શુક્લધ્યાનની યોગ્ય ભૂમિકાના ભાવને ખેંચવાની શક્તિ બીજા રંગોની અપેક્ષાએ તેનામાં અધિક છે. પ્રકાશના અધિક પરમાણુઓને પોતાના પ્રત્યે ખેંચવાનો વિશિષ્ટ ગુણ પણ શ્વેત રંગમાં છે. તથા પદ્માસન આદિ આસનોમાંથી પણ જે આસને સુખપૂર્વક લાંબો વખત બેસી શકાય તેવું અનુકૂળ આસન નક્કી કરીને તે આસન કરીને જપ કરવો.

શરીર અને મનને સંબંધ છે. શરીર એ વાસણના સ્થાને છે અને મન એ પાણીના સ્થાને છે, શરીર ચંચળ બને તો તેની અસર મન ઉપર પણ થાય છે, અર્થાત્ મન પણ ચંચલ બને છે. તેથી સાધનાની શરૂઆતમાં આસન સ્થિર જ જોઈએ. આ આસનની સ્થિરતાનો આધાર ખોરાકની શુદ્ધિ ઉપર છે. તેથી સાધકે પોતાની પ્રકૃતિને અનુકૂલ સાત્વિક અને મિત ખોરાક લેવો જોઈએ. ઉણોદરીનું પાલન નિયમિત કરવું પડે. ક્યારે, સલેલા અને ત્રણાદાથી ભરપૂર પદાર્થો

જાપ કરનાર સાધકે ધ્યાનમાં રાખવા યોગ્ય બાબતો.

જાપ માટે નીચેની બાબતો ધ્યાનમાં રાખવી.

(૧)—**નિશ્ચિત સમય**—સામાન્યથી શ્રીનમસ્કાર મહામંત્રના જાપ માટે બ્રાહ્મ મુહૂર્ત (પાછલી ચાર ઘડી રાત્રી) અને ત્રણ સંધ્યાનો નિશ્ચિત સમય શ્રેષ્ઠ છે. ત્રણ સંધ્યા નીચે પ્રમાણે સમજવી. (૧) સૂર્ય ઉદય પહેલાંની એક ઘડી અને ઉદય પછીની એક ઘડી; (૨) મધ્યાહ્ન પહેલાંની એક ઘડી અને પછીની એક ઘડી, (૩) સૂર્યાસ્ત પહેલાંની એક ઘડી અને પછીની એક ઘડી, અથવા તો સૂર્યાસ્ત પછીની બે ઘડી કે સૂર્યોદય પહેલાંની બે ઘડી. જાપ કરવા માટે આ ત્રણ સંધ્યાના સમય ઉત્તમ ગણાયો છે; પરંતુ તેમાં પણ [illegible] વધારે સારી છે, કારણ કે તે વખતે વાતાવરણ [illegible] હોય છે અને મનજ પણ શાન્ત હોય છે. આ [illegible] સંધ્યાઓની સાંજી કલ્પ ત્રણ મહીના અને પાછલી [illegible] ત્રણ જાપ માટે સારો કહ્યો છે.

શક્તિ જાગૃત કરવા માટે જપની પ્રાથમિક ભૂમિકામાં ઉપર જણાવેલા સમયની મર્યાદા જાળવવી જરૂરી છે. પ્રાથમિક ભૂમિકાએ જપ કરનારે અમુક સમય નક્કી કરી રાખવો જોઈએ. જપની પ્રાથમિક શક્તિઓના અનુભવ માટે સમયની ચોકસાઈ જાળવવી જરૂરી છે.

(૨) નિશ્ચિત આસન—શ્રીનવકાર મંત્રના જપ માટે આસન શ્વેત શુદ્ધ ઊનનું રાખવું. વસ્ત્ર પણ શ્વેત પહેરવાં જોઈએ અને માળા પણ સફેદ દોરાની બંધેલી હોવી જોઈએ. શ્વેતરંગ એ શુક્લ લેશ્યાનું પ્રતીક છે. શુક્લધ્યાનની યોગ્ય ભૂમિકાના ભાવને ખેંચવાની શક્તિ બીજા રંગોની અપેક્ષાએ તેનામાં અધિક છે. પ્રકાશના અધિક પરમાણુઓને પોતાના પ્રત્યે ખેંચવાનો વિશિષ્ટ ગુણ પણ શ્વેત રંગમાં છે. તથા પદ્માસન આદિ આસનોમાંથી પણ જે આસને સુખપૂર્વક લાંબો વખત બેસી શકાય તેવું અનુકૂળ આસન નક્કી કરીને તે આસન કરીને જપ કરવો.

શરીર અને મનને સંબંધ છે. શરીર એ વાસણના સ્થાને છે અને મન એ પાણીના સ્થાને છે, શરીર ચંચળ બને તો તેની અસર મન ઉપર પણ થાય છે, અર્થાત્ મન પણ ચંચલ બને છે. તેથી સાધનાની શરૂઆતમાં આસન બાંધીને જ બેસવું. આ આસનની સ્થિરતાનો આધાર ખોરાકની શુદ્ધિ ઉપર છે. તેથી સાધકે પોતાની પ્રકૃતિને અનુકૂલ સાત્ત્વિક અને મિત ખોરાક લેવો જોઈએ. ઉદ્દેશવાળું ખાવાનું નિયમિત કરવું જોઈએ. આરોગ્ય, તબેલા અને મકાનમાં સંપૂર્ણ પવિત્રતા

અમુક ચોક્કસ માળાથી જ કરવો. બનતાં સુધી માળાની પણ ફેરબદલી ન કરવી.

આ પ્રમાણે કરવાથી શ્રીનવકાર મહામંત્રોના વર્ણોનું જાપદ્વારા આરાધકની આત્મશક્તિ નવકારવાલીના મણકામાં કેન્દ્રિત થાય છે. પરિણામે અમુક સમય ગયા પછી આત્મશક્તિના કેન્દ્ર સમાન બનેલા તે મણકાઓવાલી માલા વડે જાપ કરવાથી આત્મશક્તિઓનો ઝડપી વિકાસ થાય છે. શરૂઆતમાં થોડા દિવસ માળાથી જાપ કરવો, પછી નંદ્યાવર્ત્ત અને શંખાવર્ત્તથી ગણવાનો અભ્યાસ પાડવો. નંદ્યાવર્ત્તથી બારની સંખ્યા જમણા હાથે ગણવી અને શંખાવર્ત્તથી ડાબા હાથે નવની સંખ્યા ગણવી. એમ બારની સંખ્યાને નવ વખત ગણતાં ૧૦૮ ની સંખ્યા થશે.

ડાબા હાથે શંખાવર્ત્ત				જમણા હાથે નંદ્યાવર્ત્ત			
૩	૪	૫	૦	૩	૪	૫	૧૨
૨	૯	૬	૦	૨	૭	૬	૧૧
૧	૮	૭	૦	૧	૮	૯	૧૦

ઉપરાંત જ્યારે સમય મળે ત્યારે જેમ બને તેમ સમાન સાધના અને સમાન વિચારવાળા અધિક સાધકોએ સાથે મળીને એક સ્થળે અધિક સમય માટે સહયોગથી

જપની સાધના કરવી જોઈએ, એથી જપમાં અધિક શક્તિ ઉત્પન્ન થાય છે.

(૫) **નિશ્ચિત સંખ્યા:**—જપનું જઘન્ય પ્રમાણ એટલું નક્કી કરવું જોઈએ કે જીવનના અંત સુધી તેટલી સંખ્યાથી ઓછો જપ કદી પણ થાય નહિ. નિયત પ્રમાણથી અધિક થઈ શકે, પણ ઓછો તો નહિ જ. નિશ્ચિત કરેલી સંખ્યાને વળગી રહેવાથી જપ કરનારની વૃત્તિઓ જગતના પદાર્થોમાંથી પરાઙ્મુખ થઈને આત્માભિમુખ બને છે. કોઈ પણ જાતની સંખ્યાના ધોરણ વિના અવ્યવસ્થિતપણે કરાતો જપ શક્તિઓને કેન્દ્રિત કરવા સમર્થ બનતો નથી. સંખ્યાના ધોરણને જાળવવાથી આંતરિક શક્તિઓનો વિકાસ સરળતાથી થઈ શકે છે. આધુનિક વિજ્ઞાનના કેટલાક પ્રયોગોથી એ વાત સાબિત થઈ છે કે અમુક ચોક્કસ કરેલ જપ્યાએ, અમુક નક્કી કરેલા સમયે અને અમુક ચોક્કસ કરેલ સંખ્યામાં પારણાદ રીતે જપ કરવાથી અમુક પ્રકારનું ચોક્કસ વાતાવરણ બંધાય છે અને તેમાં પ્રવેશ કરનાર બાંધકર આત્મા નિશ્ચિતરૂપે પણ ચમત્કારિક રીતે તે વાતાવરણના પવિત્ર સંસ્કારોથી ઘડીભરને માટે રંગાઈ જાય છે. આ છે મંત્રાક્ષર સમય અને સંખ્યાની ચોક્કસાઈ જાળવવાનો મહિમા! આ છે શબ્દશક્તિના વિદ્યુત્ તરંગોનો પ્રભાવ!! ચોક્કસ અર્થવાળા જનજનાર્દન પુણ્યાત્માઓના આત્મબળના વાહકરૂપે દીર્ઘકાલ મહામંત્રના વર્ણો છે. તે પ્રત્યેક વર્ણો દિવ્યશક્તિનાં નિધાન છે, અનાદિસિદ્ધ છે. એ સ્વરૂપ વર્ણોને ક્ષય, ક્ષાન,

એમ છૂટું છૂટું વાંચવું. ધીમે ધીમે અભ્યાસ વધતાં શીઘ્ર વાંચતી વેળા પણ ઉચ્ચારણ અને દૃષ્ટિનો ઉપયોગ સાથે રહેશે. આ રીતે વાંચીને જાપનો અભ્યાસ ચાલુ રહેતાં થોડા સમય પછી આંખો બંધ કર્યા પછી પણ અક્ષરો દેખાવા માંડશે. પછી હૃદયરૂપી કોરા કાગળ ઉપર ધ્યાનરુપી કલમ વડે પોતાના નામની જેમ પંચ પરમેષ્ઠિના નામને લખતા હોઈએ તેવી એકાગ્રતાથી જાપ કરવો. શરૂઆતમાં આવી એકાગ્રતા ન આવે તો પણ ધ્યેય તો તે જ રાખવું-જેથી દિન-પ્રતિદિન સ્થિરતા વધતી જશે.

અક્ષરો જોવા માટેની બીજી રીત.

ઉપરની રીત મુજબ જાપ નિયમિત કરવા ઉપરાંત નેત્રો બંધ કરીને અક્ષરો નજર સમક્ષ લાવવા માટે બીજા પણ પ્રયોગો છે. જેમ કે-નેત્રો બંધ કરીને સામે એક કાળું પાટીયું ધારવું, પછી ધારણાથી જ હાથમાં ચાકનો કકડો લઈને તેના ઉપર 'નમો' એમ ધારણાથી લખવું. એટલે લખાતું દેખાશે. ન દેખાય ત્યાં સુધી ફરી ફરીને એ રીતે પ્રયત્ન કરવો. પછી અરિહંતાણં લખવું. ફરી ફરી પ્રયત્ન કરવાથી તે પણ દેખાશે આ રીતે નવે પદો માટે પ્રયત્ન કરવો. અક્ષરો જોવા માટે આનો પ્રયત્ન દરરોજ થોડો કરવો અને પ્રયત્નની સાથે પ્રથમની રીત પ્રમાણેનો જાપ પણ આવું જ રાખવો.

અક્ષરો જોવાની ત્રીજી રીત.

સફેદ રીસનો એક દડો લેવો, પછી આંખો મીંચીને ધારણાથી તેમાંથી રીસ લઈ એક એક રીસ ક્રમશઃ મૂકતાં 'ન' નો આકાર બનાવવો. એ રીતે બધા અક્ષરો ધારણાથી બનાવવા. તે અક્ષરો સફેદ રીસ જેવા ચળકતા દેખાશે. એ રીતે દરેક પદના અક્ષરો સ્પષ્ટ દેખાવા શરૂ થયા પછી બીજી આગળની રીતો વધુ અનુકૂલ પડે છે અને સાધનામાં અદ્ભુત વિકાસ શરૂ થાય છે. અક્ષરો જ દેખાય તો પણ ઉપરની રીતે જાપ ઉપયોગી છે. તેથી એકાગ્રતા તો કેળવાય જ છે. માટે જે પ્રયત્ન ચાલુ રાખવો. આ પ્રયત્નની સાથે પહેલી રીત પ્રમાણેનો જાપ પણ ચાલુ જ રાખવો.

ભગવાનની પ્રતિમા આંખો બંધ કરીને જોઈ શકાય, તે માટે પણ પ્રયત્ન કરવો. શ્રીસમેતશિખર જેવા પવિત્ર તીર્થમાં જઈ અટ્ઠમ કે વધુ આયંબિલ કરીને પ્રતિમા સમક્ષ બેસી આ અભ્યાસ કેળવવો.

ધારણાથી માનસિક પૂજા.

વધુ સરળતાનાં કારણે પહેલાં ભગવાનની પ્રતિમાની પૂજા ધારણાથી કે સ્વપ્ન દીધિના કરે કરવી.

(૧) જલપૂજા પછીનો અભિષેક. (૨) ચંદન પછીનો અભિષેક. (૩) જમણો અંગુ. (૪) ડાબો અંગુ. (૫) જમણું ઘૂંટણ

(૬) ડાબું કાંડું, (૭) જમણો ખભો, (૮) ડાબો ખભો, (૯) શિર શિખા, એ દરેક સ્થાન ઉપર એક એક પદ બોલવાથી અહીં એક નવકાર પૂરો થશે. પછી (૧૦) ભાલપ્રદેશ, બીજા નવકારનું પહેલું પદ અહીં આવશે. પછી (૧૧) કંઠ, (૧૨) હૃદય, (૧૩) નાભિકમળ, (૧૪) હથેલી, પુનઃ (૧૫) જમણા પગનો અંગુઠો, (૧૬) ડાબા પગનો અંગુઠો. (૧૭) જમણો જાનુ, (૧૮) ડાબો જાનુ, અહીં બીજો નવકાર પૂરો થશે અને ત્યાંથી નાભિ સુધી દરેક સ્થાન પર એક એક પદ ગણતાં ત્રીજો નવકાર પૂરો થશે. આ રીતે દર્શન, પૂજન, વિગેરે કરતી વખતે, તેમજ ધારણાથી પ્રતિમા કલ્પીને પણ ત્રણ નવકાર ગણવા. એથી એકાગ્રતાનો અભ્યાસ કેળવાય છે. ચિત્તની એકાગ્રતાના અભ્યાસ માટે અહીં તો માત્ર 'દિગ્દર્શન' કર્યું છે. જે રીતે સાધકની ચિત્તવૃત્તિ પરમેષ્ઠિઓના ધ્યાનમાં એકાગ્ર બને તે રીતિએ આ અને આવા પ્રકારના બીજા પણ જરૂરી પ્રયત્નો કરવા પ્રયત્નશીલ બનવું એ તાત્પર્ય છે.

કહ્યું છે કે 'अभ्यासः कर्मणां कौशलमावहति' અર્થાત્ અભ્યાસથી કાર્યમાં કુશલતા પ્રગટ થાય છે. જે બાળકને એકડા ઘૂંટતાં મહિનાઓ લીધે છે તે પણ સમર્થ વિદ્વાન બન્યાનાં દૃષ્ટાન્તો મળે છે. તેમ પ્રારંભમાં મુશ્કેલ જણાતો પણ જાપ તેના સતત અભ્યાસ થયા પછી સુકર બની જાય છે, માટે સાધકે જાપમાં પ્રગતિ સાધવા માટે તેનો અભ્યાસ સતત ચાલુ રાખવો.

શ્રીનવકારનું ... કરનારનાં લક્ષણો

અગાઉ પ્રયોજનજ્ઞાન પ્રકરણમાં જણાવવામાં આવ્યું છે કે 'સાધકે યોગ્ય ગુણોનું ચિંતન કરવું' તે ગુણો હવે અહીં કહીએ છીએ.

'અગુંચન્ પ્રાણનાશેઽપિ, સંયમૈકધુરીણતામ્ ।
પરમપ્યાત્મવત્પશ્યન્, સ્વસ્વરૂપાપચ્યુતઃ ॥ ૧ ॥'

—પ્રાણનો નાશ થાય તો પણ સદાચરણમાં અડિગ રહેવું ન મૂકનાર, બીજા જીવોને પણ પોતાના આત્મા જેમ જોનાર, પોતાના સ્વરૂપથી ખસે ન પડનાર.

'ઉપતાપગણસંપ્રાપ્તૈઃ, શીતવાતાતપાદિભિઃ ।
પિપાસુરમરીકારિ-યોગામૃતરસાયનમ્ ॥ ૨ ॥'

—ઠંડી, તાપ અને વાયુ આદિથી ત્રાસ ન પામનાર અને અજરામર કરાવે કરનાર જેવા યોગરૂપી રસાયણ પીવાનો ઇચ્છુક.

'રાગાદિમિત્રાક્રાન્તં, ભોગાદિભિરુપપ્લુતમ્ ।
આત્માયત્તં મનઃ કુર્વન્, નિર્લેપઃ સર્વકર્મસુ ॥

—રાગદ્વેષાદિથી નહિ દબાયેલ, ક્રોધ, માન, માયા, અને લોભાદિથી અદૂષિત જેવા પોતાના મનને આત્માધીનતામાં રમતું કરનાર, તથા સર્વ કાર્યોમાં નિર્લેપ રહેનાર

' विरतः कामभोगेभ्यः, स्वशरीरेऽपि निःस्पृहः ।
संवेगह्रदनिर्मग्नः, सर्वत्र समतां श्रयन् ॥ ४ ॥

—કામ-ભોગથી વિરક્ત, પોતાના શરીર પ્રત્યે પણ નિઃસ્પૃહ, સંવેગરૂપ દ્રહમાં મગ્ન થયેલ શત્રુ અને મિત્ર, સુવર્ણ અને પત્થર, નિંદા અને સ્તુતિ વગેરે સર્વ વિષયમાં સમભાવ રાખનાર.

' नरेन्द्रे वा दरिद्रे वा, तुल्यकल्याणकामनः ।
अमात्रकरुणापात्रं, भवसौख्यपराङ्मुखः ॥ ५ ॥ '

—રાજા હોય કે રંક હોય, બેઉના તુલ્ય કલ્યાણનો ઇચ્છુક, સર્વ જીવો ઉપર કરુણા કરનાર અને સંસારનાં સુખોથી પરાઙ્મુખ.

' सुमेरुरिव निष्कम्पः, शशीवानन्ददायकः ।
समीर इव निःसंगः, सुधीर्ध्याता प्रशस्यते ॥ ६ ॥'

—મેરુ પર્વતની જેમ [ઉપસર્ગ-પરિષહાદિથી) અડોલ, ચન્દ્રમાની જેમ આનંદદાયક અને વાયુની જેમ નિઃસંગ (અપ્રતિબદ્ધ), એવો બુદ્ધિમાન ધ્યાતા ધ્યાન કરવાને લાયક છે.

ઉપરાંત અનુભવીઓની નીચેની હિતશિક્ષા પણ મહામંત્રના સાધકને ઉપયોગી છે, તેથી અહીં જણાવીએ છીએ.

दक्षो जितेन्द्रियो धीमान, कोपानलजलोपमः ।
सत्यवादी विलोभश्च, मायामदविवर्जितः ॥ १ ॥

मानत्यागी दयायुक्तः, परनारीसहोदरः ।
जिनेन्द्रगुरुभक्तश्च, मंत्रग्राही भवेन्नरः ॥ २ ॥

—મંત્રને ગુરુ પાસેથી ગ્રહણ કરીને તેનું ધ્યાન કરનારો મનુષ્ય ચતુર, ઇન્દ્રિયોને જિતનાર, બુદ્ધિમાન, કોપરૂપ અગ્નિ માટે જલસમાન એટલે અને નેની દિયતિમાં પણ શાન્તિ રાખી શકનાર, સત્યવાદી લોભ વિનાનો, માયા અને મદથી રહિત, અહંકારનો ત્યાગ કરનાર, દયાવંત, પરનારીને બહેન ગણનાર, એટલે કે તેની સામે કદી પણ વિકાર દૃષ્ટિએ ન જોનાર અને શ્રી જિનેશ્વરદેવ તથા ગુરુ પ્રત્યે પરમ ભક્તિ રાખનાર હોવો જોઈએ.

અન્યત્ર પણ એક સ્થળે કહ્યું છે કે—

शुचिः प्रसन्नो गुरुदेवभक्तो,
ह्यस्तः सत्यदयासमेतः ।
दक्षः षडूर्मीजयदायकारी,
मंत्री भवेदीदृश एव लोके ॥ १ ॥

—આત્મા અને અભ્યંતર પવિત્રતાવાળો, શ્રીમદ્વિશિષ્ટ વાળો, ગુરુ અને દેવનો ભક્ત, સરળ હોય તેવા સત્યમાં અભિરુચિ, સત્ય અને દયાથી યુક્ત, ચતુર, બુદ્ધિશાળી અને મંત્ર તથા પદોને ધારણ કરનારો, આવો પુરુષ જગતમાં મંત્ર જાણકાર થાય છે.

જ શાસ્ત્રકારો શ્રી કોઈને માટે એવો આગ્રહ રાખતા નથી. કારણ કે ઉપર જે લક્ષણો બતાવવામાં આવ્યાં છે, તે સંપૂર્ણ લક્ષણો તો જીવનમાં પ્રગટ થયાં હોય, તે પછી ધ્યાન કરવાની જરૂરીઆત જ રહેતી નથી. માટે તાત્પર્ય એ છે કે ઉપરના ગુણોને પ્રાપ્ત કરવાનું પ્રત્યેક સાધકનું ધ્યેય અવશ્ય રાખવું જોઈએ. નિશ્ચયદૃષ્ટિને લક્ષ્ય રાખીને યથાશક્તિ શક્યમાં જે ગુણ પ્રવૃત્તિ થાય છે, તે અવશ્ય ફળદાયક બને છે. સંપૂર્ણતાના લક્ષપૂર્વક જે કંઈ સત્પ્રવૃત્તિ થાય છે, તે બીજમાંથી ફૂટેલા અંકુરાને થાય છે. બીજમાં રહેલી વૃક્ષ થવાની શક્તિને પ્રગટવાનો પ્રસંગ અંકુરો ફૂટવાથી થાય છે. આ માર્ગનિષ્ઠ સાધકો અંકુરારૂપ છે અને પૂર્ણતા વૃક્ષરૂપ છે. સાધકમાં ઉપર કહ્યા તે સંપૂર્ણ નહિ, પણ અંકુરા જેટલા ગુણો તો પ્રગટેલા હોવા જોઈએ. જેવી યોગ્યતા પ્રગટયા પછી અનુકૂળ હવા, પાણી, ખાતર, ઇત્યાદિ સંજોગોથી અંકુરો વૃક્ષનું રૂપ ધારણ કરે છે, તેમ પ્રસ્તુતમાં અંકુરા જેવા પણ ગુણો જીવનમાં પ્રગટ થયા હોય તો જ પછી ધ્યાનાદિની મદદથી તે ગુણો અનુક્રમે સંપૂર્ણ સ્વરૂપમાં પ્રગટી શકે છે. અર્થાત્ પ્રત્યેક નિષ્ઠાવાળા ગુણો આવ્યા પછી સર્વોત્તમતાની આવવા પામે છે.

સામાન્ય રીતે ભિન્ન ભિન્ન પ્રકારની યોગ્યતા ધરાવનાર સાધકોમાં અર્પણને યોગ્ય ગુણોનો વિકાસ નીચેના ક્રમથી સંભવી શકે છે.

—બીજા માણસોએ કરેલી સ્તુતિવડે ગર્વ ન કરવો અને તેમણે કરેલી નિંદાવડે કોપ પણ ન કરવો. ધર્મગુરુઓનું સેવન કરવું, તત્ત્વને જાણવાની ઇચ્છા કરવી.

' शौचं स्थैर्यमदंभो, वैराग्यं चात्मनिग्रहः कार्यः ।
दृश्या भवगतदोषा-श्चिन्त्यं देहादिवैरूप्यम् ॥ ४ ॥ '

—શૌચ, સ્થિરતા, અદંભ, વૈરાગ્ય સેવવાં અને આત્માનો નિગ્રહ કરવો, ભવ એટલે સંસાર, તે દુઃખરૂપ છે, વગેરે સંસારના દોષોનો વિચાર કરવો, દેહાદિકનું વિરૂપપણું ચિન્તવવું.

' भक्तिर्भगवति धार्या, सेव्यो देशः सदा विविक्तश्च ।
स्थातव्यं सम्यक्त्वे, विश्वस्यो न प्रमादरिपुः ॥ ५ ॥ '

—ભગવાન ઉપર ભક્તિ ધારણ કરવી, એકાંત-પવિત્ર પ્રદેશનું નિરંતર સેવન કરવું, સમ્યક્ત્વને વિષે સ્થિર રહેવું અને પ્રમાદરૂપી શત્રુનો વિશ્વાસ નહિ કરવો.

' ध्येयात्मबोधनिष्ठा, सर्वत्रैवागमः पुरस्कार्यः ।
त्यक्तव्याः कुविकल्पाः, स्थेयं वृद्धानुवृत्त्या च ॥ ६ ॥ '

—આત્મબોધની નિષ્ઠાનું ધ્યાન કરવું. સર્વત્ર આગમને આગળ કરવું, કુવિકલ્પોનો ત્યાગ કરવો અને વૃદ્ધોને અનુસરવું.

' साक्षात्कार्यं तत्त्वं, चिद्रूपानन्दमेदुरैर्भाव्यम् ।
हितकारी ज्ञानवता-मनुभववेद्यः प्रकारोऽयम् ॥ ७ ॥ '

—તત્ત્વના સાક્ષાત્કાર કરવો તથા આત્માનંદે વડે પૂર્ણ થવું. જેને અનુભવ વડે જાણી શકાય છે તે આ પ્રકાર જ્ઞાનીઓને હિતકારી છે.

મહામંત્રનું ધ્યાન.

જપ પછી ધ્યાનની યોગ્યતા આવે છે. કારણ કે:—

(૧) જપનું અનુષ્ઠાન યમ-નિયમ પૂર્વક કરવાનું હોય છે, તેથી તેમાં યમ-નિયમ સિદ્ધ થાય છે.

(૨) નિયત જપ પૂરો કરવા માટે લાંબા સમય સુધી એક આસને સ્થિર બેસવું પડે છે, તેથી આસનસિદ્ધિ પણ થાય છે.

(૩) જપમાં વચ્ચે મનનાત્ર નહતું એ નિયમથી પ્રાણાયામ પણ થઈ જાય છે.

(૪) જપ કરતી વખતે ઇન્દ્રિયો અને મન વિષયોમાંથી ત્યાં દૂરને વિરામ પામે છે, તેથી પ્રત્યાહારનો પણ પ્રભાવ થાય છે.

(૫) જપ વખતે મનની વૃત્તિઓનો પ્રવાહ એક નિશ્ચિત ધ્યેયમાં જાય છે, તેથી ધારણા પણ સિદ્ધ થાય છે.

આ રીતે જપના અનુષ્ઠાનથી યમનિયમાદિ પૂર્વની સિદ્ધ થાય છે ત્યારે તેથી [illegible] જેમાંથી મંત્ર સિદ્ધિના જાપ, શક્તિ, [illegible] [illegible] [illegible] [illegible] [illegible]

પંદરમું સ્થાન ધ્યાનને અને સોળમું સ્થાન સમાધિને આપ્યું છે. એટલે જપ પછી ધ્યાનનો ક્રમ આવે છે એમ નક્કી થાય છે.

યોગિસમ્રાટ્ પૂ. શ્રીહેમચંદ્રાચાર્યજી શ્રીયોગશાસ્ત્રના આઠમા પ્રકાશમાં પદસ્થ ધ્યાનનું વર્ણન કરતાં જણાવે છે કે—

'तथा पुण्यतमं मन्त्रं, जगत्त्रितयपावनम् ।
योगी पंचपरमेष्ठि-नमस्कारं विचिन्तयेत् ॥ १ ॥'

—ત્રણ જગતને પવિત્ર કરનાર અને અત્યંત પવિત્ર એવા પંચપરમેષ્ઠિ નમસ્કાર મંત્રને યોગિઓએ વિશેષ પ્રકારે ચિંતવવો.

'अष्टपत्रे सिताम्भोजे, कर्णिकायां कृतस्थितिम् ।
आद्यं सप्ताक्षरं मन्त्रं, पवित्रं चिन्तयेत् ततः ॥ २ ॥
सिद्धादिचतुष्कं च, दिक्पत्रेषु यथाक्रमम् ।
सम्यग्दर्शनचतुष्कं च, विदिक्पत्रेषु चिन्तयेत् ॥ ३ ॥'



[illegible] અને [illegible] [illegible] [illegible]

[illegible] એવો ઐક્યભાવ હોય છે. પણ ધ્યાનમાં પ્રગતિ થતાં [illegible] એ ઐક્યભાવ તૂટી જાય છે, મારો આત્મા જ અરિહંત છે, મારો આત્મા જ સિદ્ધ છે, મારો આત્મા જ આચાર્ય છે, મારો આત્મા જ ઉપાધ્યાય છે અને મારો આત્મા જ સાધુ છે, એવો અદ્વૈતભાવ ઉત્પન્ન થઈ આત્મતત્ત્વનો સાક્ષાત્કાર થશે. કે જે ધર્મનું અંતિમ ધ્યેય છે. જ્ઞાનનો અંતિમ આદર્શ છે અને સાધનાનું અંતિમ ફળ છે.

આ રીતે નવકાર મહામંત્રનું ધ્યાન ધ્યેયના અને ધ્યાનની પરમ સીમાનો પરિચય કરાવે છે. તેનાથી ચરિત્ર અર્થાત્ સાધના સાધકને પ્રાપ્ત થાય તેમાં કોઈ નવાઈ નથી. પોતાની જે ઉત્કટતા પ્રાપ્ત થાય છે, તે પછી મહામંત્રના ધ્યાનથી પ્રાપ્ત થાય છે, કારણ કે મહામંત્રનું ધ્યાન જ એ પ્રકારનો યોગ છે.

卐

[illegible]

આરાધનામાં વિકાસની ભૂમિકાનો ક્રમ

(૧) શબ્દાનુસંધાન, (૨) અર્થાનુસંધાન, (૩) તત્વાનુસંધાન અને (૪) સ્વરૂપાનુસંધાન, આ ચાર ભૂમિકા પર ક્રમશઃ શ્રીનમસ્કાર મહામંત્રનું આરાધન થઈ શકે છે. શબ્દાનુસંધાનની છેલ્લી અવસ્થા આવે ત્યારે અર્થાનુસંધાનની શરુઆત થાય છે, અર્થાનુસંધાનની છેલ્લી અવસ્થામાં તત્વાનુસંધાનની શરુઆત થાય છે, તેજ રીતે તત્વાનુસંધનની છેલ્લી ભૂમિકામાં સ્વરૂપાનુસંધાનની શરુઆત થાય છે. અને સ્વરૂપાનુસંધાનની છેલ્લી ભૂમિકા, એ પરમાત્મસ્વરૂપની પ્રાપ્તિ છે.

(૧) શબ્દાનુસંધાન.

શબ્દાનુસંધાનથી નવકારની સાધના કરવી. એટલે કે પોતાની ભૂમિકા મુજબ નવકારના અક્ષરોનો ભાષ્ય,ઉપાંશુ અને માનસ આદિ જાપથી બરાબર અભ્યાસ કરી લેવો. માળા અને શંખાવર્ત્ત આદિથી થતા જાપનો સમાવેશ ઉપાંશુમાં થાય છે. અર્થાત્ અલ્પ ઉચ્ચાર સહિત હલન ચલન એ ઉપાંશુનું લક્ષણ છે. જે વૈખરી વાણીપૂર્વક માત્ર ઉચ્ચારથી જાપ થાય છે તે ભાષ્ય જાપ કહેવાય છે અને ઉચ્ચાર તથા હલન ચલન વિના કેવળ ધારણાથી થતો જાપ માનસજાપ કહેવાય છે. એ રીતે ત્રણે પ્રકારના જાપથી અક્ષરોને

આત્મસાત્ કરવા, તેનો બરાબર પરિચય કરી લેવો. તેનું નામ શબ્દાનુસંધાન છે.

(૨) અર્થાનુસંધાન.

'અર્થાનુસંધાન' એટલે પરમેષ્ઠિઓની અર્થાની વિચારણા કરવી તે. આ વિચારણા નીચે મુજબ કરી શકાય—

(૧) પરમેષ્ઠિઓના જીવન પ્રસંગની વિચારણા, (૨) પરમેષ્ઠિઓના ગુણોનું ચિંતન, (૩) પરમેષ્ઠિઓના ઉપકારની વિચારણા, (૪) પરમેષ્ઠિઓમાં રહેલી અપૂર્વ અને અનંત શક્તિઓ પાસે પોતાની નૂતન અવસ્થાની વિચારણા. (૫) પરમેષ્ઠિઓમાં રહેલી સર્વ ઉચ્ચતાના પ્રકાશની આગળના કાર્યો તેમનામાં સ્વાભાવિક રીતે ઉદ્ભવેલી અભિલાષા કરવા, વાત્સલ્ય, પ્રેમ અને પ્રશાંતવૃત્તિના આદિની વિચારણા. (૬) તેમને નમસ્કાર કરવા દ્વારા અનુદયમાં આવ્યાકર્મોના ક્ષય કર્યો અને વિકસાવવો, તેમની કૃપા પ્રાપ્તિ માટે પરિણામ પૂર્વક પ્રાર્થના કરવી. (૭) પંચ પરમેષ્ઠિ સ્વરૂપોમાં રહેલી કરવાણ આત્માને અનુકૂલ કે પ્રતિકૂલ કરવા. એટલે કે પંચ પરમેષ્ઠિમાં રહેલી વિકાસશક્તિની આત્માને અનુકૂલ સ્વાભાવિકતા જણાવવી. કે આત્માની શક્તિ પ્રગટે આત્મામાં ધર્મ પ્રગટે તેમનો ક્ષય, તેમનું આવું અને તેમની સાથે તન્મયતા કેળવવી.

ઉપરોક્તમાંની પહેલી (૧) પ્રકાર્યથી, (૨) પ્રકારથી અને (૩) પ્રકારથી વિચારણા કરવી, તે જાણે

શ્રીઉપાધ્યાય ભગવંતો જ્ઞાનના પઠનપાઠનમાં લીન રહેતા હોવાથી તેઓ **જ્ઞાન-પ્રધાન** હોય છે.

શ્રીસાધુ ભગવંતોને દેવ ગુરુની આજ્ઞામાં સ્વયં વિશ્વાસ હોવાથી તેઓ **શ્રદ્ધા-દર્શન-પ્રધાન** હોય છે.

ચાર ભાવનાના પ્રકર્ષથી ઉચ્ચપદની પ્રાપ્તિ

મૈત્રીભાવનાના પ્રકર્ષથી, એટલે કે સર્વજીવરાશિ પ્રતિ મિત્રભાવ, અદ્વેષભાવ, સમાનભાવ ભાવવાથી મૈત્રીભાવ સમ્યગ્દર્શી **મુનિપદની** પ્રાપ્ત થાય છે.

પ્રમોદ ભાવનાના પ્રકર્ષથી, એટલે કે ગીતાર્થોમાં [illegible] ગુણોના બહુમાનથી-પ્રમોદભાવથી [illegible] ([illegible]) ગાણધરપદના [illegible]

[illegible] ભાવનાના પ્રકર્ષથી એટલે કે [illegible] [illegible] [illegible]

[illegible]

[illegible]

ભાવનાનું સ્થાન શું છે ?

[illegible]

(૨) [illegible]

[illegible]

જુએ છે અને પૂર્ણ સ્વરૂપવાળા પરમેષ્ઠિને પોતાથી અભિન્ન અનુભવે છે. અર્થાત્ અભેદભાવે (પોતાનામાં પરમેષ્ઠિ અને) પરમેષ્ઠિમાં પરમેષ્ઠિમય પોતાને એકરૂપે અનુભવે છે.

તત્વાનુસંધાનની છેલ્લી ભૂમિકા એ સ્વરૂપાનુસંધાનની પ્રથમ ભૂમિકા છે. અથવા આત્મસ્વરૂપની પ્રાપ્તિ એ સ્વરૂપાનુસંધાન છે. સાધનાનો પ્રયત્ન જાળવી રાખવાથી પરમાત્માની અધિક અધિક કૃપાનો અનુભવ થતાં આ ભૂમિકાની પ્રાપ્તિ થાય છે.

આ રીતે કલ્લોલ રહિત સાગરની જેમ તદ્દન શાન્ત અને મેરુવત્ નિષ્પ્રકંપ થએલો, વિકાસની ટોચે પહોંચેલો જીવાત્મા પરમાત્મપદ પામે છે, કે જે સર્વ મુમુક્ષુ આત્માઓનું અંતિમ ધ્યેય છે.

શ્રીનમસ્કાર મહામંત્ર આધ્યાત્મિક અનુભવોની ચાવી છે. સર્વ સાધનાની ચાવીઓની જાદુઈ પેટી પણ તેને કહી શકાય.

*

આરાધના પછી જ એ સત્ય સમજાય છે કે શ્રીપંચપરમેષ્ઠિ માત્ર કાલ્પનિક ભાવના નથી, પરંતુ ઉંચી ભૂમિકા પરનું તે એક પરમ સત્ય છે.

नमस्कार महामंत्रनुं साहित्य ।

श्री नमस्कार महामंत्रना [illegible] अनि-
[illegible] अनेक [illegible]
[illegible] अर्वाचीन [illegible]
[illegible] श्री [illegible]

प्राचीन

१ श्रीपञ्चपरमेष्ठिनिर्युक्तिः ।
२ श्रीविशेषावश्यकभाष्यः ।
३ श्रीपञ्चपरमेष्ठिनिर्युक्तिः ।
४ श्रीपञ्चपरमेष्ठि-
[illegible] वृत्तिः ।
५ श्रीपञ्चपरमेष्ठि-
[illegible] वृत्तिः ।
६ श्रीपञ्चपरमेष्ठि [illegible] १-८ ।
७ श्रीविशेषावश्यकं सटीकम् ।
८ श्रीपञ्चपरमेष्ठि-
नमस्कारस्तवः
सटीकम् ।
[illegible] वृत्तिः ।
१० श्रीपञ्चपरमेष्ठिनमस्कार-
माला ।
११ श्रीपञ्चपरमेष्ठि नमस्कार-
माला ।
१२ श्रीसुदर्शनमालाः ।
१३ श्रीपञ्चपरमेष्ठि [illegible] ।
१४ श्रीपञ्चपरमेष्ठि [illegible] ।
१५ श्रीपञ्चपरमेष्ठि [illegible] ।
१६ श्रीनमस्कार [illegible]
श्रीपञ्चपरमेष्ठि [illegible] ।
१७ श्रीपञ्चपरमेष्ठि [illegible] ।
इत्यादि०

વાત, પિત્ત અને કફ, એ ત્રણમાંથી કોઈ પણ પ્રકૃતિવાળા મનુષ્ય માટે શ્રીનવકારનું ધ્યાન લાભદાયક છે. શ્રીનવકાર વાતદોષને જીતે છે, દર્શન પિત્ત દોષને જીતે છે અને ચારિત્ર કફદોષને જીતે છે. શ્રીનવકારમાં એ ત્રણે વસ્તુ છે, માટે સમ્યગ્જ્ઞાન, દર્શન અને ચારિત્રસ્વરૂપ શ્રીનવકાર અમૃત તુલ્ય છે.

સૂર્યનાં કિરણોની સર્વ શક્તિ શ્રીનવકારના અક્ષરોમાં રહેલી છે, સૂર્યનાં કિરણો વર્ણદ્વારા જે અસર કરે છે એથી અધિક અને સારી અસર શ્રીનવકાર ધ્વનિદ્વારા પ્રાપ્ત કરાવે છે.

સમગ્ર વિશ્વમાં શ્રીપંચપરમેષ્ઠિ ઉપકારી છે. એમાં પણ શ્રીઅરિહંતદેવ પરમ ઉપકારી છે. કારણ કે પરમોપકારી શ્રીઅરિહંતદેવ જગતના જીવોને માટે ધર્મતીર્થની સ્થાપના કરી ધર્મમાર્ગનો બોધ કરે છે. સમગ્ર વિશ્વમાં સર્વકાલમાં સર્વજીવોના હિતચિંતક હોવાથી તેઓ સર્વને માટે પરમ પૂજ્ય છે.

આત્મહિત સાધનારાઓના જીવનમાં શ્રીઅરિહંતદેવ કેન્દ્રસ્થાને છે, સઘળાં કર્મોથી મુક્ત થવાનું જો મહાન ધ્યેય સિદ્ધ કરવું હોય તો તે માટે અતિ પુષ્ટ આલંબન જોઇએ અને એવું આલંબન માત્ર શ્રીઅરિહંતદેવ છે.

જો જીવનને સાર્થક બનાવવું હોય, માનવ જન્મનો સમય અને માનવ શક્તિઓનો સદુપયોગ કરવો

શેષ, તો મોક્ષમાર્ગરૂપી ધર્મના દાતા શ્રીજિનદેવને જીવનના કેન્દ્રસ્થાને રાખો.

શ્રીજિનદેવોમાં એક મહત્ત્વપૂર્ણ વિશેષતા એ છે કે તેઓએ દર્શાવેલા માર્ગ પર ચાલવાથી મોક્ષની પ્રાપ્તિ થાય છે. એ જ પ્રમાણે એમનું નામસ્મરણ, દર્શન અને ધ્યાન મોક્ષદાયક કર્મોનો ક્ષય થાય છે, આત્મશુદ્ધિ પ્રગટે છે અને મોક્ષની પ્રાપ્તિ થાય છે.

જેવી રીતે શ્રીજિનનામસ્મરણનો મુખ્ય હેતુ માર્ગદર્શન છે, એ રીતે શ્રીજિનનામસ્મરણનો મુખ્ય હેતુ આત્મશુદ્ધિની સિદ્ધિ છે.

શ્રીતીર્થંકર પદવી, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ અવસ્થાઓ સ્થાન છે, પણ એ કેટલાં સ્થાન વિનાનું સાધન પણ હોય તો એ સિદ્ધ પદ જ છે, આ સિદ્ધપદ એ અવસ્થાની અંતિમ અવસ્થા છે.

સૌભાગ્ય અત્યંત છે. જિનેશ્વર જ નહિ, પરંતુ એ પ્રભુનો પરમાત્મા જીવ, જિનેશ્વર જ નહિ, પરંતુ એ પ્રભુની જિનેશ્વરીય અવસ્થા છે.

વીતરાગ આત્મામાં વીર્ય છે. એક જ આત્મામાંથી બીજા વિકાસ પ્રગટે તે વીર્ય છે, એક તરફ પ્રભુમાં એક જ વિકાસ પ્રગટે પણ પ્રભુત્વ પ્રગટી જાય છે. વીતરાગતાની ખાસ ક્ષણોની પ્રાપ્તિ સાધવા અત્યંતરૂપ ક્ષણોની નિર્ધારિત જ બને, એવી રચનાના પણ અભાવ છે.

વીતરાગ પ્રભુના નામ દ્વારા અનંતી નામાવલિને

વાત, પિત્ત અને કફ, એ ત્રણમાંથી કોઈ પણ પ્રકૃતિ વાળા મનુષ્ય માટે શ્રીનવકારનું ધ્યાન લાભદાયક છે. જ્ઞાન વાતદોષને જીતે છે, દર્શન પિત્ત દોષને જીતે છે અને ચારિત્ર કફદોષને જીતે છે. શ્રીનવકારમાં એ ત્રણે વસ્તુ છે, માટે સમ્યગ્જ્ઞાન, દર્શન અને ચારિત્રસ્વરૂપ શ્રીનવકાર અમૃત તુલ્ય છે.

સૂર્યનાં કિરણોની સર્વ શક્તિ શ્રીનવકારના અક્ષરોમાં રહેલી છે, સૂર્યનાં કિરણો વર્ણદ્વારા જે અસર કરે છે એથી અધિક અને સારી અસર શ્રીનવકાર ધ્વનિદ્વારા પ્રાપ્ત કરાવે છે.

સમગ્ર વિશ્વમાં શ્રીપંચપરમેષ્ઠિ ઉપકારી છે. એમાં પણ શ્રીઅરિહંતદેવ પરમ ઉપકારી છે. કારણ કે પરમોપકારી શ્રીઅરિહંતદેવ જગતના જીવોને માટે ધર્મતીર્થની સ્થાપના કરી ધર્મમાર્ગનો બોધ કરે છે. સમગ્ર વિશ્વમાં સર્વકાલમાં સર્વજીવોના હિતચિંતક હોવાથી તેઓ સર્વને માટે પરમ પૂજ્ય છે.

આત્મહિત સાધનારાઓના જીવનમાં શ્રીઅરિહંતદેવ કેન્દ્રસ્થાને છે, સઘળાં કર્મોથી મુક્ત થવાનું જો મહાન ધ્યેય સિદ્ધ કરવું હોય તો તે માટે અતિ પુષ્ટ આલંબન જોઈએ અને એવું આલંબન માત્ર શ્રીઅરિહંતદેવ છે.

જો જીવનને સાર્થક બનાવવું હોય, માનવ જન્મનો સમય અને માનવ શક્તિઓનો સદુપયોગ કરવો

હોય, તો મોક્ષમાર્ગરૂપી ધર્મના દાતા શ્રીઅરિહંતદેવને જીવનના કેન્દ્રસ્થાને રાખો.

શ્રીઅરિહંતદેવોમાં એક મહત્ત્વપૂર્ણ વિશેષતા એ છે: જે લોકોએ દર્શાવેલા માર્ગ પર ચાલવાથી મોક્ષની પ્રાપ્તિ થાય છે. એ જ પ્રમાણે એમનું નામસ્મરણ, દર્શન અને ધ્યાન કરવાથી કર્મોનો ક્ષય થાય છે, આત્મગુણ પ્રગટે છે અને મોક્ષની પ્રાપ્તિ થાય છે.

જેવી રીતે શ્રીઅરિહંતનમસ્કારનો મુખ્ય હેતુ માર્ગદર્શન છે, એ રીતે શ્રીસિદ્ધનમસ્કારનો મુખ્ય હેતુ અવિનાશીપણાની સિદ્ધિ છે.

શ્રીનવકાર પદવી, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ પરમેષ્ઠીનો અંત છે, પણ તે કોઈ અંત વિનાનું શાશ્વત પદ હોય તો તે સિદ્ધ પદ જ છે. આ સિદ્ધપદ એ નવકારની આરાધનાનું અંતિમ ધ્યેય છે.

શ્રીનવકાર મહામંત્ર છે. એટલું જ નહિ, પરમ મંત્ર પણ છે. અને પરમમંત્ર છે, એટલું જ નહિ, સર્વ મંત્રોમાં શ્રેષ્ઠ, મહામંત્ર છે.

શ્રીનવકાર આત્મધર્મનું બીજ છે. તેમ જ આત્મધર્મની ઉત્પત્તિ કુશળનું બીજ છે, જેના દ્વારા સ્વર્ગ તેમ જ મોક્ષ દુર્લભ સુખો પણ સહજ પામી શકાય છે. શ્રીનવકારથી જ સુખોની પ્રાપ્તિ સ્વયંસ્ફુરિત સાંસારિક દુઃખોની નિવૃત્તિ થાય છે, એ પ્રત્યક્ષ પણ અનુભવસિદ્ધ છે.

શ્રીનવકાર મંત્રનું નવ સ્થાન જપવાથી નવનિધિનું

ઉત્તમ સદાચારી પુરુષોનાં વચ્ચે વિનયપૂર્વક વસવું તથા બ્રહ્મચર્યની નવ વાડોનું પાલન કરવું, એ કામવાસના ઉપર કાબૂ મેળવવાનો સરળ ઉપાય છે. તથા નીચેના વિચારોનું પુનઃ પુનઃ પરિશીલન તથા અનુભવ પણ કામવાસના ઉપર કાબૂ મેળવવા માટે પરમ સહાયકારક છે.

(૧) સર્વવિશ્વ પ્રત્યે મૈત્રીભાવ કેળવવો. સ્ત્રીજાતિ પ્રત્યે માતૃભાવ કેળવવો. માતા સંબંધી વિચાર પવિત્રતા ટકાવવા માટે પ્રબળ પ્રેરણાદાયક બને છે.

(૨) આધ્યાત્મિક જીવનના વિકાસ માટે અખંડ બ્રહ્મચર્યની અતિ આવશ્યકતા છે. બ્રહ્મચર્ય એ ઉત્તમ તપ છે.

(૩) શરીર એ આત્માનું મંદિર છે, માટે તેને પવિત્રતમ રાખવું જોઈએ. બ્રહ્મચર્ય પાળવું એ જ શરીરને પવિત્રતમ રાખવાનો ઉપાય છે.

(૪) ભારે અને માદક ખોરાક કામોત્તેજક છે. કઠિણ

[illegible] સાધન એ [illegible] માટે [illegible] છે. [illegible] અને [illegible] પણ તેમાં [illegible] છે. [illegible] અને પ્રાણાયામ [illegible] નિયમોને [illegible] છે.

(૫) સમજણ પહોંચે ઉપરનો પ્રેમ [illegible] પ્રેમને નીતિમાની સાથે [illegible] મૂળ [illegible] મૂળ છે. [illegible] સર્વ દુઃખોનું મૂળ છે અને [illegible] અને સાધુઓની [illegible] છે. [illegible] પ્રેમની [illegible] પ્રેમાળીને [illegible] પ્રસંગમાં [illegible] પ્રયત્ન કરવો. [illegible] છે. [illegible] [illegible] સ્થાપવા [illegible] સાધના [illegible] છે. [illegible] [illegible] સ્થાપવા [illegible] સામને [illegible] [illegible] [illegible]

લોભનો નંબર આવે છે. બીન જરૂરી સંગ્રહ કરવો અને બીજાને જરૂર હોય તો પણ ન આપવું, એ લોભનું લક્ષણ છે. લોભ અને તૃષ્ણા એ બન્ને એક જ કુમતિમાંથી જન્મેલાં ભાઈ–બ્હેન છે. આકાશની જેમ તૃષ્ણાનો છેડો નથી, તેમ લોભનો ખાડો કદી પૂરાતો જ નથી. સ્વયંભૂરમણ સમુદ્ર બે હાથે કદાચ કોઈક તરી શકે, પરંતુ દેવગુરુની કૃપા વિના લોભ સાગર તરવો શક્ય નથી. આ લોભવૃત્તિ ઉપર વિજય મેળવવા માટે એકાંતમાં બેસીને સ્થિર ચિત્તે નીચે મુજબ વિચારણા કરવી.

'હું શાનો લોભ રાખું છું ? તેની પ્રાપ્તિથી મળનારું સુખ કેટલો વખત ટકશે ? અંતે તેનાથી શો લાભ થવાનો છે ? ' લોભનું મૂળ અજ્ઞાન છે. ભોગની અસ્થિરતાનું તથા વસ્તુની અનિત્યતાનું જ્ઞાન થતાં જ લોભ ઓસરી જાય છે.

પર્વતથી પડતો ધોધ, ઝાકળનું બિંદુ, શરદ ઋતુનાં વાદળાં, પાણીના પરપોટા, ઝાંઝવાનાં નીર, કુપથ્ય અન્ન કે ખારું પાણી, વગેરેની ઉપમાને પામેલા ભોગો અનિત્ય, અસાર, કષ્ટકારક અને અતૃપ્તિકર છે. આજે ભોગવેલા ભોગ કાલે સ્મૃતિ અને સ્વપ્નરૂપ બની જાય છે. કામનાઓ મનુષ્યના કટ્ટર શત્રુઓ છે. તૃષ્ણાઓની તૃપ્તિ માટે પ્રયત્ન કરવા એ બળતામાં ઘી હોમવા જેવું છે. એક માણસની કામનાને પણ સંસારના સર્વ પદાર્થો મળીને પૂરી કરી શકે તેમ નથી. લોભ એ માનસિક રોગ છે. અસાધ્ય વ્યાધિ છે.

[illegible]

[illegible]

(૫) [illegible]

મોહ એટલે અજ્ઞાન. જેમ સૂર્યથી અંધકાર ટળે છે, તેમ જ્ઞાનરૂપી સૂર્યથી જ અજ્ઞાનરૂપ અંધકાર ટળે છે. આ જ્ઞાન એટલે હું કોણ છું? અને મારું શું છે? તે સમજવા જેવું છે. જેને આ બરાબર સમજાઈ જાય છે તે બહારની કોઈ પણ વસ્તુથી લેપાતો નથી. વિવેકી મનુષ્ય પ્રારબ્ધ કર્મને અનુસાર પોતાને ઉચિત કરણી કરે છે, પણ તેમાં પોતાના કર્તૃત્વનું ખોટું અભિમાન રાખતો નથી, તે પોતાની વિવેક બુદ્ધિથી ચોક્કસ રીતિએ માને છે કે અધર્મ અને અનીતિ એ જ મનુષ્ય જાતિના શત્રુઓ છે, નહિ કે અમુક માણસ યા વસ્તુ. તેથી તે અધર્મ અને અનીતિભર્યા આચરણથી હંમેશાં બચતો રહે છે.

માત્ર પોતાના એકલાના જ સુખ અને સ્વાર્થની લાગણીથી મોહ અત્યંત વૃદ્ધિ પામે છે. તેથી મોહને ઘટાડવા માટે વિવેકી આત્મા નિઃસ્વાર્થ પ્રેમનું ક્ષેત્ર વિસ્તારે છે અને ક્રમશઃ પ્રેમને વિશ્વવ્યાપી બનાવે છે. પોતાના સુખ કરતાં પણ પ્રાણી માત્રના સુખને તે અધિક ચાહે છે. આ ભાવના જ મોહનાશ માટેનું છેલ્લામાં છેલ્લું અને અતિ ઉગ્ર શસ્ત્ર છે. તેનાથી મોહનો એવો સમૂલ નાશ થાય છે કે જે કદી પણ પાછો ઊભો થઈ શકતો જ નથી. સ્વાર્થનો ત્યાગ કરી સમગ્ર વિશ્વના તમામ જીવો સુખી મૈત્રીભાવનાને વિસ્તાર્યા વિના કોઈ પણ આત્મા સર્વથા દોષ રહિત–વીતરાગ બની શકતો નથી.

સત્સમાગમ અતિ દુર્લભ છે' માટે જ્યારે જ્યારે એ તક મળે ત્યારે તેનો લાભ લઈ તેને સાર્થક કરી લેવી જોઇએ.

૫—કેટલો વખત મૌન રહ્યા ? :—વાચાળતા ગાંભીર્યનો નાશ કરે છે. વિના કારણ બોલવાથી શક્તિનો દુર્વ્યય થાય છે. અંતરના ઊંડાણની વાતો જેને તેને જણાવવાથી કશો લાભ થતો નથી. જીહ્વાનું વહેણ બંધ થયા પછી જ હૃદયનું વહેણ ખુલે છે. મૌનથી સંકલ્પબળ વધે છે. નકામું બોલવાની વૃત્તિ ઉપર કાબૂ આવે છે. સત્યવ્રતના પાલનમાં અને ક્રોધના નિગ્રહમાં મૌન ઘણી મદદ કરે છે. રોજ ઓછામાં ઓછું એકથી બે કલાક મૌન રહેવું જ જોઈએ. મૌન વખતે ઉચ્ચ વિચારો, જાપ, ધ્યાન અથવા સ્વાધ્યાય વિગેરે કરવું. બહાર આવતા સુધી શબ્દમાંની ઘણી શક્તિ ઓછી થઈ જાય છે, એટલા માટે પ્રત્યેક સાધકે પોતાના ઈષ્ટદેવનો જાપ મૌનપણે જ કરવો જોઇએ. મૌનથી કરેલા જાપની અસર ઘણી ઉંડે સુધી પહોંચે છે. અને એ કારણે જ અંતરની મૂક આશિષનું મૂલ્ય ઘણું વધારે અંકાય છે. **મૌન, અલ્પઉપધિ, અને આત્મનિરીક્ષણ, આ ત્રણ ઉર્ધ્વગતિનાં મંડાણ છે.**

૬—કેટલીવાર અબ્રહ્મની વિચારણા થઇ ? :—વિશુદ્ધ બ્રહ્મચર્ય વિના આત્મિક પ્રગતિ અશક્ય છે. વીર્યને ઓજસમાં ફેરવવું જોઇએ. જેઓને આત્મનિસ્તારની સામાન્ય પણ લગન છે તેઓએ મન, વચન, કાયાથી અખંડ

સત્સમાગમ અતિ દુર્લભ છે' માટે જ્યારે જ્યારે એ તક મળે ત્યારે તેનો લાભ લઈ તેને સાર્થક કરી લેવી જોઇએ.

૫—કેટલો વખત મૌન રહ્યા ? :—વાચાળતા ગાંભીર્યનો નાશ કરે છે. વિના કારણ બોલવાથી શક્તિનો દુર્વ્યય થાય છે. અંતરના ઊંડાણની વાતો જેને તેને જણાવવાથી કશો લાભ થતો નથી. જીહ્વાનું વહેણ બંધ થયા પછી જ હૃદયનું વહેણ ખુલે છે. મૌનથી સંકલ્પબળ વધે છે. નકામું બોલવાની વૃત્તિ ઉપર કાબૂ આવે છે. સત્યવ્રતના પાલનમાં અને ક્રોધના નિગ્રહમાં મૌન ઘણી મદદ કરે છે. રોજ ઓછામાં ઓછું એકથી બે કલાક મૌન રહેવું જ જોઈએ. મૌન વખતે ઉચ્ચ વિચારો, જાપ, ધ્યાન અથવા સ્વાધ્યાય વિગેરે કરવું. બહાર આવતા સુધી શબ્દમાંની ઘણી શક્તિ ઓછી થઈ જાય છે, એટલા માટે પ્રત્યેક સાધકે પોતાના ઈષ્ટદેવનો જાપ મૌનપણે જ કરવો જોઇએ. મૌનથી કરેલા જાપની અસર ઘણી ઉંડે સુધી પહોંચે છે. અને એ કારણે જ અંતરની મૂક આશિષનું મૂલ્ય ઘણું વધારે અંકાય છે. મૌન, અલ્પઉપધિ, અને આત્મનિરીક્ષણ, આ ત્રણ ઉર્ધ્વગતિનાં મંડાણ છે.

૬—કેટલીવાર બ્રહ્મચર્યની વિચારણા થઈ ? :—વિશુદ્ધ બ્રહ્મચર્ય વિના આત્મિક પ્રગતિ અશક્ય છે. વીર્યને ઓજસમાં ફેરવવું જોઇએ. જેઓને આત્મનિસ્તારની સામાન્ય પણ લગન છે તેઓએ મન, વચન, કાયાથી અખંડ

જેહ સુખહેતુ જિનવર કહ્યો,
પાપજલ તારવા નાવ રે, ચે૦ (૮)
ચારનાં શરણ એ પડિવજે,
વળી ભજે ભાવના શુદ્ધ રે;
દુરિત સવિ આપણાં નિંદિયે,
જેમ હોયે સંવર વૃદ્ધિ રે. ચે૦ (૯)
ઈહભવ પરભવે આચર્યાં,
પાપ અધિકરણ મિથ્યાત રે;
જે જિનાશાતનાદિક ઘણાં,
નિંદિયે તેહ ગુણઘાત રે. ચે૦ (૧૦)
ગુરુતણાં વચન તે અવગણી,
ગૂંથીયા આપ મતજાલ રે;
બહુપરે લોકને ભોળવ્યા,
નિંદિયે તેહ જંજાલ રે. ચે૦ (૧૧)
જેહ હિંસા કરી આકરી,
જેહ બોલ્યા મૃષાવાદ રે;
જેહ પરધન હરી હરખિયા,
કીધેલો કામ ઉન્માદ રે. ચે૦ (૧૨)
જેહ ધન-ધાન્ય મૂર્છા ધરી,
સેવિયા ચાર કષાય રે;
રાગને દ્વેષને વશ હુવા,
જે કિયા કલહ ઉપાય રે. (૧૩)

જેહ સુખહેતુ જિનવર કહ્યો,
પાપજલ તારવા નાવ રે. ચે૦ (૮)
ચારનાં શરણ એ પડિવજે,
વળી ભજે ભાવના શુદ્ધ રે;
દુરિત સવિ આપણાં નિંદિયે,
જેમ હોયે સંવર વૃદ્ધિ રે. ચે૦ (૯)
ઇહભવ પરભવે આચર્યાં,
પાપ અધિકરણ મિથ્યાત રે;
જે જિનાશાતનાદિક ઘણાં,
નિંદિયે તેહ ગુણઘાત રે. ચે૦ (૧૦)
ગુરુતણાં વચન તે અવગણી,
ગુંથીયા આપ મનજલ્પ રે;
અનુપદે લોકને ભોળવ્યા,
નિંદિયે તેહ જંજાલ રે. ચે૦ (૧૧)
[illegible]
[illegible] રે. ચે૦ (૧૨)
[illegible]
[illegible] રે.

સમકિતદૃષ્ટિ સુર નર તણો,
તેહ અનુમોદીયે સાર રે. ચે૦ (૧૯)
અન્યમાં પણ દયાદિક ગુણો,
જેહ જિનવચન અનુસાર રે;
સર્વ તે ચિત્ત અનુમોદીયે,
સમકિત બીજ નિરધાર રે. ચે૦ (૨૦)
પાપ નવિ તીવ્રભાવે કરે,
જેહને નવિ ભવરાગ રે;
ઉચિત સ્થિતિ જેહ સેવે સદા,
તેહ અનુમોદવા લાગ રે. ચે૦ (૨૧)
થોડલો પણ ગુણ પરતણો,
સાંભલી હર્ષ મન આણ રે;
દોષ લવ પણ નિજ દેખતાં,
નિર્ગુણ નિજ આતમા જાણ રે. ચે૦ (૨૨)
ઉચિત વ્યવહાર અવલંબને,
ઈમ કરી સ્થિર પરિણામ રે;
ભાવિયે શુદ્ધ નય ભાવના,
પાવનાશય તણું ઠામ રે. ચે૦ (૨૩)
દેહ મન વચન પુદ્ગલ થકી,
કર્મથી ભિન્ન તુજ રૂપ રે;
અક્ષય અકલંક છે જીવનું,
જ્ઞાન આનંદ સ્વરૂપ રે. ચે૦ (૨૪)

ક્ષણ ક્ષણ સમરો શ્રીનવકાર, પળ પળ સમરો શ્રીનવકાર,
ઘડીઘડીસમરોશ્રીનવકાર,અહોનિશસમરો શ્રીનવકાર.(૧૦)
એ નવકારનું ગીત રસાલ. ગાતાં ગણતાં મંગલમાળ;
ભાલ. (૧૧)

(૧)—જય અરિહંત જય ભગવંત,
જય જય જય જય જય ભગવંત.
(૨)—જય વીતરાગ જય વીતરાગ,
જય જય જય જય જય વીતરાગ.
(૩)—જય મહાવીર જય મહાવીર,
જય બોલો જય જય મહાવીર.
પતિત પાવન જય મહાવીર,
જય બોલો જય જય મહાવીર.
(૪)—અરિહંત ભજો અરિહંત ભજો,
અરિહંત થવા અરિહંત ભજો.
ભગવંત ભજો ભગવંત ભજો,
ભગવંત થવા ભગવંત ભજો.
મહાવીર ભજો મહાવીર ભજો,
મહાવીર થવા મહાવીર ભજો.
(૫)—જય વીર જય વીર જય વીર,
ભવભય ભંજન જય મહાવીર. જય વીર• (૧)

(૬)

શ્રીઅરિહંતભક્તિગર્ભિત નિત્ય મનન કરવા લાયક—

ભાવના–દુહા.

નિત્ય પ્રભાતે ઉઠવું, રાખી મન ઉમંગ;
ધરવું ધ્યાન પરમેષ્ઠિનું, કરવું નિર્મળ અંગ. (૧)
અગ્નિ કેરા બળ થકી, માંખણનું ઘી થાય;
અંતરવૃત્તિ ધ્યાનથી, પરમાતમ પ્રગટાય. (૨)
અહંકારને છોડીને, ભજો અરિહંત સાર;
રાગ–દ્વેષનાં ત્યાગથી, પામો મોક્ષનું દ્વાર. (૩)
તુજ વિણ ઇણ સંસારમાં, શરણું નહિ કોઈ સ્વામ;
તુજ ચરણોથી પામીએ, અનંત સુખોનું ધામ. (૪)
જગતારણ જગવાલહો, તું જગ જય જયકાર;
જે તુજ શરણે નિત્ય રહે, તે તરીયા સંસાર. (૫)
ત્રણ ભુવનમાં તું વડો, તુમ સમ અવર ન કોય;
ઇન્દ્ર ચંદ્ર ચક્રી હરિ, તુજ પદ સેવે સોય (૬)
હું ગરજી અરજી કરું, તું છે દીનદયાલ;
મુજ અધમને તારવા, કર કૃપા કિરપાલ. (૭)
ધન ધન શ્રીઅરિહંતને, જેણે ઓળખાવ્યો જીવ;
તે પ્રભુની પૂજા વિના, જન્મ ગુમાવ્યો કીધ. (૮)
દ્રવ્ય ભાવથી અતિ ઘણી, કંઈ કરણી ન બાય;
ઇણવિધ જિનવર પૂજવા, [illegible]

જિનમૂર્તિ-મંદિરાદિ અને રજોહરણાદિ પ્રત્યે તથા મોક્ષમાર્ગના અસાધનભૂત વસ્તુઓ પ્રત્યે મેં નહિ આચરવા યોગ્ય, નહિ ઇચ્છવાયોગ્ય, પાપસ્વરૂપ અને પરંપરાએ પાપનો બંધ કરાવનારું, એવું જે કંઈ મિથ્યા આચરણ, સૂક્ષ્મ કે બાદર (અલ્પ કે ઘણું), મનથી વચનથી કે કાયાથી સ્વયં કર્યું હોય, બીજા પાસે કરાવ્યું હોય, કે બીજાથી કરાતું સારું માન્યું (અનુમોદ્યું) હોય, તે પણ રાગથી, દ્વેષથી કે મોહથી, તે પણ આ જન્મમાં કે અન્ય જન્મોમાં, તે સર્વ પાપ મારે ગુરુ સમક્ષ ગર્હણીય છે. તે દુષ્કૃત્ય (દુષ્કાર્ય) છે અને અધર્મરૂપ હોવાથી તજવા યોગ્ય છે. એવું મેં કલ્યાણમિત્ર એવા ગુરુભગવંતોના વચનથી જાણ્યું છે અને એ સત્ય છે' એમ મને શ્રદ્ધાથી રુચ્યું છે. માટે તે અરિહંતોની અને સિદ્ધોની સમક્ષ હું તેની ગર્હા કરું છું, એ દુષ્કૃત્ય છે, તજવા યોગ્ય છે, એમ સમજ્યો છું. માટે એ સઘળું મારું દુષ્કૃત્ય મિથ્યા થાઓ ! મારું દુષ્કૃત્ય મિથ્યા થાઓ !! મારું દુષ્કૃત્ય મિથ્યા થાઓ !!!

होउ मे एसा सम्मं गरिहा, होउ मे अकरणनियमो ।

આ મારી દુષ્કૃતની ગર્હા સમ્યગ્ ભાવપૂર્વક થાઓ ! હવે પછી એવું દુષ્કૃત નહિ કરવું, એવો મારે નિયમ થાઓ, અર્થાત્ હું એ નિયમ કરું છું.

बहुमयं ममेअं ति इच्छामि अणुसट्ठिं अरहंताणं भगवंताणं, गुरूणं कल्लाणमित्ताणं ति ।

संविग्गो जहासत्तीए सेवेमि सुकडं, अणुमोएमि सव्वेसिं अरहंताणं अणुट्ठाणं, सव्वेसिं सिद्धाणं सिद्धभावं, सव्वेसिं आयरियाणं आयारं, सव्वेसिं उवज्झायाणं सुत्तप्पयाणं, सव्वेसिं साहूणं साहुकिरिअं, सव्वेसिं सावगाणं मुक्खसाहणजोगे। सव्वेसिं देवाणं सव्वेसिं जीवाणं होउकामाणं कल्लाणसयाणं मग्गसाहणजोगे।

સંવિગ્ન એટલે મોક્ષ અને મોક્ષ માર્ગનો પક્ષકાર એવો હું હવે આ પ્રમાણે યથાશક્તિ સુકૃતની સેવારૂપ અનુમોદના કરું છું. સર્વ અરિહંતોનાં ઘોર તપ, જપ અને પરિષહો-ઉપસર્ગો સહવા, વગેરે સર્વ અનુષ્ઠાનોની અનુમોદના કરું છું, એમ સર્વ સિદ્ધોના સિદ્ધ થએલા કેવળ જ્ઞાનાદિ ભાવોની, સર્વ આચાર્યોના પંચાચારના પાલનરૂપ સદાચારોની, સર્વ ઉપાધ્યાયોના સૂત્ર (જ્ઞાન) દાનની, સર્વ સાધુઓની (અને સાધ્વીઓની) તે તે સાધુ ક્રિયાની, સર્વ શ્રાવકોની (અને શ્રાવિકાઓની) તે તે મન વચન કાયાથી થતી મોક્ષકરણીની, તથા સર્વ દેવો, સર્વ જીવો કે જેઓ મોક્ષ માટે યોગ્ય (ચરમાવર્તી) છે અને તેથી વિશુદ્ધ આશયવાળા છે, તેઓના મોક્ષમાર્ગના સાધક જ્ઞાન-દર્શન-ચારિત્રને અનુકૂળ એવા સર્વ યોગોની હું અનુમોદના કરું છું.

होउ मे एसा अणुमोअणा सम्मं विहिपुव्विआ, सम्मं

થાય છે અને તેથી ઉત્કૃષ્ટભાવવાળું શુભકર્મ બંધાય છે. વળી એ રીતે પ્રગટેલો શુભકર્મનો અનુબંધ (પરંપરા) પુષ્ટ બનવાથી શુભભાવો પણ પુષ્ટ થાય છે, આ શુભકર્માનુબંધ નિયમા શુભ ફળને (આત્માના જ્ઞાનાદિ ગુણોને) પ્રગટ કરે છે, એથી આત્મા સંસારમાં પણ વિશિષ્ટ સુખોનો ભોગી અને પરંપરાએ મોક્ષસુખનો ભોક્તા બને છે.

अओ अपडिबंधमेअं असुहभावनिरोहेणं सुहभावबीअं ति सुप्पणिहाणं सम्मं पढिअव्वं, सम्मं सोअव्वं, सम्मं अणुपेहिअव्वं ति ।

એ કારણે કોઈ જાતના પ્રતિબંધ (રૂકાવટ) સિવાય હંમેશાં અશુભભાવોને (મન-વચન-કાયાની અકુશળ પ્રવૃત્તિઓને) રોકીને (અર્થાત્ શુભભાવપૂર્વક), આ સૂત્ર શુભભાવોનું (મોક્ષનું) બીજ હોવાથી તેને ઉત્તમ પ્રણિધાન (એકાગ્રતા અને કર્તવ્યના નિશ્ચય) પૂર્વક સમ્યગ્ (શાન્ત ચિતે) ભણવું જોઈએ, સમ્યગ્ અનુપ્રેક્ષા (પદાર્થ વિચારણા) કરવી જોઈએ.

णमो णमिअणमिआणं, परमगुरुबीअरागाणं, णमो सेसणमुक्कारारिहाणं, जयउ सव्वण्णुसासणं, परमसंबोहिए सुहिणो भवंतु जीवा, सुहिणो भवंतु जीवा, सुहिणो भवंतु जीवा ॥

થાય છે અને તેથી ઉત્કૃષ્ટભાવવાળું શુભકર્મ બંધાય છે. વળી એ રીતે પ્રગટેલો શુભકર્મનો અનુબંધ (પરંપરા) પુષ્ટ બનવાથી શુભભાવો પણ પુષ્ટ થાય છે, આ શુભકર્માનુબંધ નિયમા શુભ ફળને (આત્માના જ્ઞાનાદિ ગુણોને) પ્રગટ કરે છે, એથી આત્મા સંસારમાં પણ વિશિષ્ટ સુખોનો ભોગી અને પરંપરાએ મોક્ષસુખનો ભોક્તા બને છે.

अओ अपडिबंधमेअं असुहभावनिरोहेणं सुहभावबीअं ति सुप्पणिहाणं सम्मं पढिअव्वं, सम्मं सोअव्वं, सम्मं अणुपेहिअव्वं ति ।

એ કારણે કોઈ જાતના પ્રતિબંધ (રૂકાવટ) સિવાય હંમેશાં અશુભભાવોને (મન-વચન-કાયાની અકુશળ પ્રવૃત્તિઓને) રોકીને (અર્થાત્ શુભભાવપૂર્વક), આ સૂત્ર શુભભાવોનું (મોક્ષનું) બીજ હોવાથી તેને ઉત્તમ પ્રણિધાન (એકાગ્રતા અને કર્તવ્યના નિશ્ચય) પૂર્વક સમ્યગ્ (શાન્ત ચિતે) ભણવું જોઈએ, સમ્યગ્ અનુપ્રેક્ષા (પદાર્થ વિચારણા) કરવી જોઇએ.

णमो णमिअणमिआणं, परमगुरुबीअरागाणं, णमो सेसणमुक्कारारिहाणं, जयउ सव्वण्णुसासणं, परमसंबोहिए सुहिणो भवंतु जीवा, सुहिणो भवंतु जीवा, सुहिणो भवंतु जीवा ॥

मुनिसुव्रत नमि-नेमि-पार्श्व-वर्द्धमानान्ता जिनाः शान्ताः शान्तिकरा भवन्तु स्वाहा ॥ [४] ॥

(२) ॐ मुनयो मुनिप्रवरा रिपुविजय-दुर्भिक्ष-कान्तारेषु दुर्गमार्गेषु रक्षन्तु वो नित्यं स्वाहा ॥ ५ ॥

(३) ॐ श्री- ह्री धृति-मति-कीर्ति -कान्ति -बुद्धि-लक्ष्मी मेधा--विद्या--साधन--प्रवेश--निवेशनेषु सुगृहीतनामानो जयन्तु ते जिनेन्द्राः ॥ ६ ॥

બૃહચ્છાન્તિ અર્થાત્ મોટી શાન્તિનો શબ્દાર્થ.

આર્હતોમાં શાન્તિ હો.

હે ભવ્ય જનો! આ બધી મારી પ્રસંગને અનુસરતી વાત સાંભળો. અરિહંત પ્રભુના જે ભક્તો ત્રણ ભુવનના સ્વામી શ્રીતીર્થંકર પરમાત્માઓની યાત્રામાં ભક્તિવંત છે, તે સર્વને અરિહંત પરમાત્મા વિગેરેના પ્રભાવથી આરોગ્ય, સંપત્તિ, ચિત્તની સ્વસ્થતા અને બુદ્ધિને આપનારી તથા સર્વકલેશ-પીડાનો નાશ કરવામાં કારણભૂત એવી શાંતિ પ્રાપ્ત થાઓ. ૧.

શાન્તિની ઉદ્ઘોષણા સાંભળો.

"હે ભવ્ય લોકો! અહીં જ ભરતક્ષેત્ર, ઐરવતક્ષેત્ર અને મહાવિદેહક્ષેત્રમાં જન્મ લેતા સઘળા તીર્થંકર પરમાત્માઓના જન્મ વખતે પોતાનું આસન કંપ્યા બાદ અવધિજ્ઞાનથી તીર્થંકરનો જન્મ થયો એમ જાણીને સુઘોષા નામની દિવ્ય ઘંટા વગડાવ્યા પછી, સૌધર્મદેવલોકના ઇન્દ્ર-સર્વ દેવેન્દ્રો અને ભવનપતિઓ વિગેરેના ઇન્દ્રોની સાથે આવી વિનયપૂર્વક પૂજ્ય અરિહંત પરમાત્માને

અરનાથ—મલ્લિનાથ-મુનિસુવ્રતસ્વામિ--નમિનાથ--નેમિનાથ--પાર્શ્વનાથ અને શ્રીવર્ધમાનસ્વામી સુધીના શાન્ત એવા તીર્થંકર પરમાત્માઓ શાન્તિ કરનારા થાઓ સ્વાહા.

સદાના રક્ષક મુનિ મહાત્માઓ.

(૨) ૐ રિપુથી થતા પરાજયમાં, દુષ્કાલમાં, ભયંકર અરણ્યોમાં અને વિકટ રસ્તાઓમાં મુનિઓના અગ્રેસર મુનિમહાત્માઓ હંમેશાં તમારૂં રક્ષણ કરો સ્વાહા.

પરમાત્માઓના નામ માત્રથી કાર્ય સિદ્ધિ.

(૩) ૐ શ્રી, હ્રી, ધૃતિ, મતિ, કીર્તિ, કાંતિ, બુદ્ધિ લક્ષ્મી, મેધા અને વિદ્યાનાં સાધનોમાં-શાસ્ત્રજ્ઞાન મેળવવાના સાધનોમાં, પ્રવેશ કરવામાં તથા તે પૂરૂં થયે તેમાંથી પસાર થઇને નીકલવામાં સારી રીતે નામ સ્મરણ કરાયેલા તે જિનેશ્વર પરમાત્માઓ વિજય પામો (પરમાત્માનું નામ લઈને કરવાથી તે કામો સફલ જ થાય છે.)

સોળ વિદ્યાદેવીઓ તરફનું રક્ષણ.

(૪) ૐ રોહિણી, પ્રજ્ઞપ્તિ, વજ્રશૃંખલા, વજ્રાંકુશી, અપ્રતિચક્રા, પુરુષદત્તા, કાલી, મહાકાલી, ગૌરી, ગાંધારી, સર્વાસ્ત્રા—મહાજ્વાલા, માનવી, વૈરોટ્યા, અચ્છુપ્તા, માનસી, મહામાનસી; સોળ વિદ્યાદેવીઓ હંમેશાં તમારૂં રક્ષણ કરો, સ્વાહા.

પણ પ્રતિદિન અમુક સમય તો નવકાર મંત્રની આરાધના તથા વાચન, ચિંતન, મનન, કે એ વિષયના જાણકારોનો સાક્ષાત્ સમાગમ, તેમની પાસેથી શ્રવણ વિગેરે ચાલુ રાખવાં. અને એ દ્વારા નવકારના મહિમાને આપણા હૃદયમાં અંકિત કરવા નમ્રતાપૂર્વક પ્રયાસ કરવો.

વળી સમય અને સંજોગની અનુકૂલતા મળે ત્યારે ૧૮ દિવસ સુધી ગુરુનિશ્રાએ પૌષધમાં રહીને ઉપધાન વહન કરીને વિશિષ્ટ વિધિપૂર્વક આ મહામંત્રની આરાધના કરવી જોઈએ. એથી શાસ્ત્રીય મર્યાદાઓનું પાલન થાય છે. શ્રીમહાનિશીથ આદિ આગમોમાં ઉપધાન તપ વહન કરવા પૂર્વક આ મહામંત્રને આરાધવાનું ફરમાવવામાં આવ્યું છે.

શ્રીનવકાર મહામંત્ર તપમાં રોજ કરવાનાં ચૈત્યવંદન આદિ

શ્રીનવકાર મહામંત્ર તપમાં રોજ મહામંત્રના પદના ક્રમે આરાધના કરવાની હોય છે. તેમાં શરૂઆતમાં પાંચ દિવસ અરિહંતાદિ પાંચ પદોને ઉદ્દેશીને જુદા જુદા ચૈત્યવંદનો, સ્તવનો, સ્તુતિઓ છે અને છેલ્લા ચાર દિવસ એક જ ચૈત્યવંદન, સ્તવન અને સ્તુતિ છે. તેનો ક્રમ આ પ્રમાણે છે.

પ્રથમ દિવસે
શ્રીઅરિહંતપદનું ચૈત્યવંદન

જય જય શ્રીઅરિહંત ભાનુ, ભવિ કમલ વિકાશી;
લોકાલોક અરૂપી રૂપી, સમસ્ત વસ્તુ પ્રકાશી. ૧

અડ અધિક સહસ લક્ષણ ધરે અંગમાં,
ગુણ અનંતે ભર્યો નાથ સોહે;
જાસ કલ્યાણકે જગતનું તમ ટળે,
ઇંદ્ર ઉપેન્દ્રનાં ચિત્ત મોહે. શ્રી૦ ૫

નામ ને થાપના દ્રવ્ય ભાવે કરી,
જે નરા ચિત્તમેં નિત ધ્યાવે;
દેવપાલાદિ ભૂપાલ પરે તે નરા,
તીર્થપતિ સંપદા હસ્ત પાવે. શ્રી૦ ૬

જે મહાગોપ ખટકાય ગોકુળતણો,
તિમ મહામાહણ જાસ કહીએ;
ભવોદધિ બૂડતાં ભવ્ય નિસ્તારણો,
સાર્થપતિ મુગતિનો જેહ લહીએ. શ્રી૦ ૭

દ્રવ્ય ભાવે કરી પૂજના જે કરે,
સ્વર્ગ અપવર્ગ તે નિયત પામે;
ત્રણ્ય પણ અષ્ટ નવ સત્તરે એગવીશવિહ,
પૂજના કરી વસે સિદ્ધિ ધામે. શ્રી૦ ૮

પ્રથમ પદ પૂજતો રાય શ્રેણિક પ્રથમ,
ભાવિ ચોવીશી જિનરાજ થાશે;
તાસ પદ-પદ્મની સેવના સૂર કરી,
રૂપવિજયાદિ નિત સુજસ ગાશે. શ્રી૦ ૯

એવંભૂત નયે સિદ્ધ થયા રે,
ગુણગણનો આલ્હાદ રે. શિવ૦ ૨
સુરગણ સુખ ત્રિહું કાળનાં રે,
અનંતગુણાં તે કીધ રે. શિવ૦
અનંત વર્ગે વર્ગિત કર્યાં રે,
તો પણ સુખ સમીધ રે. શિવ૦ ૩
બંધ ઉદય ઉદીરણા રે
સત્તા કર્મ અભાવ રે. શિવ૦
ઊર્ધ્વ ગતિ કરે સિદ્ધજી રે,
પૂર્વપ્રયોગ સદ્ભાવ રે. શિવ૦ ૪
ગતિ પારિણામિક ભાવથી રે,
બંધન છેદન યોગ રે. શિવ૦
અસંગ ક્રિયા બળે નિર્મળો રે,
સિદ્ધગતિનો ઉદ્યોગ રે. શિવ૦ ૫
પએસંતર અણફરસંતા રે,
એક સમયમાં સિદ્ધ રે. શિવ૦
ચરમ ત્રિભાગ વિશેષથી રે,
અવગાહન ઘન કીધ રે. શિવ૦ ૬
સિદ્ધશિલાની ઉપરે રે,
જ્યોતિમાં જ્યોતિ નિવાસ રે. શિવ૦
હસ્તિપાલ પરે સેવતાં રે,
સૌભાગ્યલક્ષ્મી પ્રકાશ રે શિવ૦ ૭

પય ભર્યો દક્ષિણાવર્ત્ત[1] શંખ શોભિયે,
તેમ નય-ભાવ-પ્રમાણ—પ્રવીણા,
હય[2]-ગય[3]-વૃષભ[4]-પંચાનન[5] સારિખા;
ટાળે પર વાદી અભિમાન અદીના. શ્રી૦ ૫

વાસુદેવ[6]-નરદેવ[7]-સુરપતિ[8] ઉપમા;
રવિ[9]-શશી[10]-ભંડારી[11]-રૂપ દીપંતા,
જંબૂ[12]-સીતાનદી[13]-મેરુમહીધરો[14];
સ્વયંભૂઉદધિ[15]-રયણ[16] ભૂપ ભણંતા. શ્રી૦ ૬

એ સોળ ઉપમા બહુશ્રુતને કહી,
ઉત્તરાધ્યયને રસાલ જિણંદા;
મહીંદ્રપાલ વાચકપદ સેવતો,
<u>સૌભાગ્યલક્ષ્મી</u> સુવિશાલ સૂરીંદા. શ્રી૦ ૭

શ્રી ઉપાધ્યાય પદ સ્તુતિ.

અંગ ઇગ્યારે ચૌદે પૂરવ, ગુણ પચવીશના ધારીજી;
સૂત્ર અરથધર પાઠક કહીએ, યોગસમાધિ વિચારીજી,
તપ—ગુણશૂરા આગમ—પૂરા, નય—નિક્ષેપે તારીજી;
મુનિ ગુણધારી બુધ વિસ્તારી, <u>પાઠક</u> પૂજો અવિકારીજી.

★

શ્રી નવકારમહામંત્ર મહિમાનું

સ્તવન.

એ પંચપરમેષ્ઠિપદ, મંત્રાઈ નવકાર,
શિવપદનું સાધન પ્રવચન કેરું સાર;
એક અક્ષર જપતાં સાત સાગરનું દુઃખ,
નાશે સઘળે પદ, પાણુસાગ સાગર દુઃખ.
નવપદ વળી સંપદ, આઠ અક્ષર અડસઠી,
ગુરુ અક્ષર સાત જ, લઘુ અક્ષર ઇગસઠી;
જે વિધિસ્યું જપઈ, ગુરુગુણ વહી ઉપધાન,
વળી નિર્મળ ચિત્તે, સમકિત વિનયપ્રધાન.
હોઈ બહુફળદાયક, ઈહ પરલોકે સાર,
સિદ્ધિ સઘળી એહમાં, ચૌદ વિદ્યા આધાર;
બહુ ભેદઈ ધ્યાઓ, કમલ કર્ણિકાકાર,
વળી રહસ્ય ઉપાંશુ, ભાષ્ય જાપ ત્રણ સાર.
વળી દ્રવ્યે ભાવે, એહના અનેક વિધાન,
ગુરુ વિનયથી લહીઇ, થાપન પંચ પ્રસ્થાન;
સવિ મંગલમાંહિ, પરમમંગલ છઇ એહ,
સવિ પાપ નસાડઈ, તાડઈ દુરિત અછેહ.
એહનું માહાત્મ્ય જ્ઞાનવિમલથી જાણી,
આરાધો અહનિશ, જિમ સુખિયા થાઓ પ્રાણી;
અંતર આતમથી, લહીએ એહ સરૂપ;
[illegible] પરમાતભાવે, એહ છે સિદ્ધિસરૂપ,

શ્રી નમસ્કાર મહામંત્ર છંદ

[૨]

કિં કપ્પતરૂ એ અયાણુ, ચિંતામણુ અભિતર,
કિં ચિંતામણુ કામધેનુ, આરાહો બહુ પર;
ચિંત્રાવેલિ કાજ કિસો, દેશાંતર લંઘો,
રયણુ રાસ કરણુ કિસ્યો, સાયર ઉલ્લંઘો. ૧

ચઉદહ પૂરવ સાર જગ, લાગો ઇક નવકાર,
સયલ કાજ મહિયલ સરે, દુરુત્તર તરે સંસાર;
કેવલ ભાખીય રીત જીકે, નવકાર આરાહે,
ભોગવી ભોગ અણંત અંતે, પરમપદ સાહે. ૨

ઇહિ ઝાણુહ સુર રિદ્ધ, પુત્તસુહ વિલસે બહુપરિ,
ઇહિ ઝાણુહ દેવલોક, ઇંદ પદ પામે સુંદર;
એહ મંત્ર સાસતો જગ, અચિંતા ચિંતામણુ એહ,
સમરણુ પાપ સહુ ટલે, રિદ્ધ સિદ્ધ નિય ગેહ. ૩

નિય સિર ઉપર ઝાણુ મઝ, ચિંતવે કમલ નર,
કંચણમય અડદલ સહિત, તિણમહિ કનિકાવર;
તિહાં બેઠા અરિહંત દેવ, પદ્માસણુ ફ્રિટક મણિ,
સિય વચ્છ પહરેવિ, પઢમપદ જપો નિઅમણુ. ૪

અરિહંત ઝાણુહ તિમ લહી, જિમ અજરામર સુખ,
નિવારણુ ચૌગઈ ગમણુ, પામે સાસય સુખ;

અનંત ચોવિસી જગ હૂઈ, હોસ્યે અવર અનંત,
આદિ કોઈ જાણે નહિ, ઈણ નવકારહ મંત;
એસો પંચણમુક્કારો, પદ દિસિ [1]અગને હું,
સવ્વ-પાવ-પ્પણાસણો, પદ જપ [2]નિયરેહિં. ૧૧

વાયવ દિસિ ઝાણેહિં, જપે મંગલાણું ચ સવ્વેસિં;
પઢંમ હવઈ મંગલં, ઈસાણ પદે સિં;
ચિહું દિસિ ચિહું વિદિસિ, મલી અઠદલ કમલ હવેય,
જે ગુરુ લઘુ જાણી જપે, સો ઘણા પાપ ખવેઇ. ૧૨

ઇહ પ્રભાવ ધરણિંદ હુઓ, પાયાલહ સ્વામી,
સમલી કુમરી ઉપન્ન, ભિલ્લ સુરલોયહ ગામી;
સંબલ કંબલ બે બળદ, પહોતા પંચમ કપ્પહ,
સુલી દીધો ચોર દેવ, થયો નવકાર જપ્પહ. ૧૩

સિવકુમાર મણુવંછિય, કરે જોગી લીય મસાણ,
સોના પુરિસો સીધલો, ઈણ નવકાર પ્રમાણ;
છિકે બેઠો ચોર, એક આકાશહ ગામી;
અલિ ફિટ હુઈ ફૂલમાલ, નવકારહ નામી. ૧૪

લાકડુંઆ ચારંત બાલ, જલ નદી પ્રવાહે,
વીંઓ કંટક ઉપર, મંત જપીઓ મનમાંહે;
સીધ્યા કાજ સરે, ઇહ ભવ પર ભવિ ખાસ;
પાતાલ સરગાણી પરે, વિદ્યા સિદ્ધ આકાસ. ૧૫

ઇણ મંત્રની મહિમા, કહેતાં ન લહું પાર;
સુરતરુ જિમ ચિન્તિત, વંછિત ફલ દાતાર. ૨
સુર—દાનવ—માનવ, સેવા કરે કર જોડ;
ભૂ—મંડલ વિચરે, તારે ભવિયણ કોડ. ૩
સુર છંદે વિલસે, અતિશય જાસ અનંત;
પદ પહેલે નમિયે, અરિગંજન અરિહંત. ૪
જે પનરે ભેદે, સિદ્ધ થયા ભગવંત;
પંચમ ગતિ પહુંચે, અષ્ટ કર્મ કરી અંત. ૫
કલ—અકલ સ્વરૂપી, પંચાનન્તક દેહ;
જિનવર પાય પ્રણમું, બીજે પદ બલી એહ. ૬
ગચ્છ ભાર ધુરન્ધર, સુંદર શશિહર શોભ;
કરે સારણ વારણ, ગુણ છત્રીસે થોભ. ૭
શ્રુત જ્ઞાણ શિરોમણિ, સાગર જિમ ગંભીર;
તીજે પદ નમિયે, આચારજ ગુણ—ધીર. ૮
શ્રુતધર ગુણ—આગર, સૂત્ર ભણાવે સાર;
તપ—વિધિ સંયોગે, ભાખે અર્થ વિચાર. ૯
મુનિવર ગુણ—યુક્તા, કહીએ તે ઉવજ્ઝાય,
પદ ચૌથે નમિયે, અહનિશ તેના પાય. ૧૦
પંચાશ્રવ ટાલે, પાલે પંચાચાર,
તપસી ગુણધારી, વારે વિષય વિકાર. ૧૧
ત્રસ થાવર પીહર, લોકમાંહિ જે સાધ;
વિવિધે તે પ્રણમું, પરમારથ જિણ લાધ. ૧૨

कलहं अब्भक्खाणं, पेसुन्नं रइ-अरइ समाउत्तं ।
पर-परिवायं माया-मोसं मिच्छत्त-सल्लं च ॥ ९ ॥
वोसिरसु इमाइं, मुक्ख-मग्ग-संसग्ग-विग्घ-भूआइं ।
दुग्गइ-निबंधणाइं, अट्ठारस पाव-ठाणाइं ॥ १० ॥

૯. આત્માનુશાસન,

एगो हं नत्थि मे कोइ, नाहमन्नस्स कस्सइ ।
एवं अदीण मणसो, अप्पाणमणुसासइ ॥ ११ ॥
एगो मे सासओ अप्पा, नाण दंसण-संजुओ ।
सेसा मे बाहिरा भावा, सव्वे संजोग-लक्खणा ॥ १२ ॥

૧૦. સર્વ સંબંધોનો ત્યાગ.

संजोग-मूला जीवेण, पत्ता दुक्ख-परंपरा ।
तम्हा संजोग-संबंधं, सव्वं तिविहेण वोसिरिअं ॥ १३ ॥

૧૧. સમ્યક્ત્વની ધારણા.

अरिहंतो मह देवो, जावज्जीवं सुसाहुणो गुरुणो ।
जिण-पन्नत्तं तत्तं, इअ सम्मत्तं मए गहिअं ॥ १४ ॥

૧૨. ક્ષમાપના.

खमिअ खमाविअ मइ, खमह सव्वह जीव-निकाय ।
सिद्धह साख आलोयण, मुज्झह वइर न भाव ॥ १५ ॥

સંથારા પોરિસીનો શબ્દાર્થ

નીસીહિ, નિસીહિ, નિસીહિ.

ક્ષમાશ્રમણોને—ગૌતમાદિ મહામુનિઓને નમસ્કાર હો.

હે જ્યેષ્ઠ આર્યો! અનુજ્ઞા આપો.

ઉત્તમ ગુણરત્નોથી વિભૂષિત દેહવાલા હે પરમગુરુઓ!

(પ્રથમ) પોરુષી સારી રીતે પરિપૂર્ણ થઇ છે, માટે રાત્રિના સંથારાને વિષે સ્થિર થવાની અનુજ્ઞા આપો. ૧.

હે ભગવન્! સંથારાની અનુજ્ઞા આપો. હાથનું ઓશીકું કરવાથી તથા ડાબે પડખે સૂવાથી (એનો વિધિ સચવાય છે.) અને કૂકડીની માફક પગ રાખીને સૂવામાં અશક્ત હોતાં ભૂમિનું પ્રમાર્જન કરું (અને પછી પગ લાંબા કરવા એવો તેનો વિધિ હું જાણું છું.) ૨.

જો પગ લાંબા કર્યા પછી સંકોચવા પડે તો ઢીંચણ પૂંઠને સંકોચવા તથા પડખું ફેરવવું પડે તો શરીરનું પ્રમાર્જન કરવું એ તેનો વિધિ છે. જો કાય-ચિંતા માટે ઉઠવું પડે તો નિદ્રાનું નિવારણ કરવા માટે દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવની વિચારણા કરવી. અને તેમ છતાં નિદ્રા ન ઉડે તો હાથ વડે નાક પકડીને નિઃશ્વાસને રોકવો અને તેવી રીતે નિદ્રા ણરાણર ઉડે ત્યારે પ્રકાશવાળા દ્વાર સામે જોવું. (એવો તેનો વિધિ હું જાણું છું.) ૩

જ્ઞાન અને દર્શનથી સંયુક્ત એક મારો આત્મા જ શાશ્વત છે અને બીજા બધા સંયોગથી ઉત્પન્ન થયેલાં અહિર્ભાવો છે. ૧૨.

મારા જીવે દુઃખની પરંપરા કર્મ-સંયોગને લીધે જ પ્રાપ્ત કરેલી છે. તેથી એ સર્વ કર્મ-સંયોગને મેં મન વચન અને કાયાથી વોસિરાવ્યા છે. ૧૩.

હું જીવું ત્યાં સુધી અરિહંત મારા દેવ છે, સુસાધુ મારા ગુરુ છે. અને શ્રીજિનેશ્વર ભગવંત કથિત ધર્મને હું તત્ત્વ માનું છું આ જાતિનું સમ્યક્ત્વ મેં અંગીકાર કર્યું છે. ૧૪.

હે જીવ-સમૂહ! તમે સર્વે ખમત ખામણાં કરીને મારા પર ક્ષમા કરો. હું સિદ્ધોની સાક્ષીએ આલોચના કરું છું કે મારો કોઇ પણ જીવ સાથે વૈરભાવ નથી. ૧૫.

સર્વે જીવો કર્મવશ હોઈને ચૌદ રાજલોકમાં ભ્રમણ કરે છે, તે સર્વેને મેં ખમાવ્યા છે, તેઓ મને પણ ક્ષમા કરો. ૧૬

મેં જે કંઈ પાપ મન વડે બાંધ્યું હોય, વચન વડે ઉચ્ચાર્યું હોય, અને કાયાથી બાંધ્યું હોય તે સર્વ મારૂં દુષ્કૃત્ય મિથ્યા થાઓ. ૧૭

卐

अंतिमं मंगलम्

ॐ नमः पार्श्वनाथाय, विश्वचिन्तामणीयते ।
ह्रीँ धरणेन्द्रवैरोट्या-पद्मादेवीयुताय ते ॥ १ ॥

शान्तितुष्टिमहापुष्टि-धृतिकीर्तिविधायिने ।
ॐ ह्रीँ द्विड्व्यालवेताल-सर्वाधिव्याधिनाशिने ॥२॥

जयाऽजिताख्याविजयाख्याऽपराजितयाऽन्वितः ।
दिशां पालैर्गृहैर्यक्षै-र्विद्यादेवीभिरन्वितः ॥ ३ ॥

ॐ असिआउसा नम-स्तत्र त्रैलोक्यनाथताम् ।
चतुःषष्टिः सुरेन्द्रास्ते, भासन्ते च्छत्रचामरैः ॥ ४ ॥

श्रीशंखेश्वरमण्डन ! पार्श्वजिन ! प्रणतकल्पतरुकल्प ! ।
चूरय दुष्टव्रातं, पूरय मे वाञ्छितं नाथ ! ॥ ५ ॥

મંગલ તરીકે તે બીનહરીફ છે—અદ્વિતીય છે. તેનું સ્થાન અન્ય કોઈ વસ્તુ લઈ શકતી નથી. તાત્પર્ય કે આ મંગલ દ્રવ્ય અને ભાવ બન્નેથી પ્રાણીનું અત્યંત હિત કરનાર છે, એટલે તેને કોઈ પણ પ્રકારના ઉપદ્રવો સતાવી શકતા નથી. ભાવથી પંચપરમેષ્ઠિનું સ્મરણ કરનાર ભવ્ય આત્મા અશુભ વિચાર યા અશુભ પરિણામની ધારાએ ચડતાં નથી.

નવકારનું સ્મરણ એટલે પંચપરમેષ્ઠિનું સ્મરણ, પંચપરમેષ્ઠિનું સ્મરણ એટલે આત્મ—શુદ્ધિનું સ્મરણ અને આત્મશુદ્ધિનું સ્મરણ એટલે મુક્તિ, મોક્ષ કે નિર્વાણનું સ્મરણ. આ રીતે નમસ્કારનું સ્મરણ જીવનમાં અંતિમ ધ્યેયનું સ્મરણ કરાવી મનુષ્યને અનંત સુખ પ્રત્યે લઈ જાય છે, એટલે શાસ્ત્રમાં તે પરમ કે પ્રવરમંત્ર ગણાયો છે.

★

ત્રણ કાળમાં ત્રણ લોકમાં શ્રીતીર્થંકર દેવથી અધિક કોઈ હોતું નથી. તેથી તેમનું તીર્થંકરપણું પરમ પૂજનીય છે. સમગ્ર વિશ્વમાં જે કંઈ પવિત્ર છે. હિતકારી છે, સત્ત્વરૂપ છે, તે શ્રીઅરિહંત દેવોને લીધે છે. તેમની પ્રત્યેનો ભક્તિભાવ પવિત્રતા લાવે છે, આત્યંતિક હિત કરે છે, સત્ત્વ પ્રગટાવે છે.

।પરમેષ્ઠિ–નમસ્કારનો વિશેષ પરિચય.

' जीयात् पुण्याङ्गजननी, पालनी शोधनी च मे ।
हंसविश्राम–कमल–श्रीः सदेष्टनमस्कृतिः ॥ १ ॥ '

—જે (પંચપરમેષ્ઠિ–નમસ્કૃતિ) માતાની જેમ પુણ્ય રૂપી શરીરને ઉત્પન્ન કરે છે, પવિત્ર રાખે છે અને જીવરૂપી હંસને વિશ્રામ લેવા માટે કમલની શોભાને ધારણ કરે છે, તે શ્રીપંચપરમેષ્ઠિ–નમસ્કૃતિ હંમેશાં જયવંતી રહો. (૧)

શ્રીઅરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ, આ પાંચને જૈન શાસનમાં 'પંચપરમેષ્ઠિ'ની સંજ્ઞા આપવામાં આવી છે. ઇષ્ટ નમસ્કૃતિ, પરમેષ્ઠિ નમસ્કાર અને નમસ્કાર મહામંત્ર પણ એનાં જ બીજાં નામો છે. આ પંચપરમેષ્ઠિના ગુણોના ખ્યાલથી તેમના પ્રત્યે નમ્રતાનો ભાવ પ્રગટે છે. તેથી સંક્ષેપમાં તેમનું સ્વરૂપ નીચે રજુ કરવામાં આવે છે.

શ્રી અરિહંતોનો ઉપકાર.

(૧) શ્રીઅરિહંત પરમાત્મા મોક્ષમાર્ગના આદ્ય પ્રકાશક હોવાથી વિશ્વ ઉપર એમનો ઉપકાર મહાન અને અજોડ છે. મોક્ષનો માર્ગ ચર્મચક્ષુને અગોચર હોય છે. કેવળજ્ઞાનરૂપી ચક્ષુ વિના તે સાક્ષાત્ જોઈ જાણી શકાતો નથી. શ્રી અરિહંત પરમાત્માઓના આત્માઓ સમગ્ર જગતનું કલ્યાણ કરનારી–સર્વહિતકારિણી એવી પ્રકૃષ્ટ શુભભાવના સહિત, પૂર્વભવોમાં